१९८८

ॐ

શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વરકૃત

પાર્વતીપરિણયાંતર્ગત.

अनसूयाभ्युदय

તથા

भोगवतीभाग्योदयनुं

ભાષાંતર

નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું.

મુંબઈ.

સંવત્ ૧૯૪૦ માર્ગશીર્ષ.

પ્રસ્તાવના

સંસારમાં સર્વ સાંસારિક સુખનું સાધન સદ્ગુણી સ્ત્રી છે. આ કારણનેલીધે માતાપિતાએ પોતાની પુત્રીને માટે, ભાઈએ ભગિનીને માટે, કાકાએ ભત્રિજીને માટે, મામાએ ભાણેજીને માટે, પુરૂષે પોતાની અર્ધાંગનાને માટે, અને એ આદિ સર્વેએ પોતાના કુટુંબની સર્વ કન્યાઓને માટે, તેઓ બાલ્યાવસ્થામાંથીજ સદ્ગુણી થાય એવી યોજના કરવી જોઈએ. આ આર્ય દેશમાં ઘણાં પુસ્તકો લખાયછે અને છપાયછે. પરંતુ તેમાં આ જાતનાં સ્ત્રીસુધારણા વિશેનાં પુસ્તકોની બહુ ખામી છે. મોરબીના નિવાસી શ્રીમન્મહારાજશ્રી રવાજીરાજપાઠશાલાના વિદ્યાગુરૂ શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર આ વિષય ઉપર બહુ પ્રયત્ન કરી પુસ્તકો લખેછે. થોડાવખત ઉપર તેમણે એક “સાવિત્રીચરિત્ર નાટક” નામનું સંસ્કૃત નાટક બહાર પાડયું છે. તેમની રચેલી પાર્વતીપરિણય કથામાં આ અનસૂયાભ્યુદય તથા ભોગવતીભાગ્યોદય, બે ભાષણો છે. તેમનું

મૂળ ઉપરથી ગુજરાતીમાં ભાષાંતર કરી, વેદધર્મસભા તરફથી નીકળતાં આર્યધર્મપ્રકાશ ચોપાનિયાંમાં તંત્રી કેશવલાલ હરિરામ ભટ્ટે છાપ્યું હતું. વિષય બહુ ઊત્તમ, અને ભાષાની સરલતા જોઈને ઘણા વિદ્વજ્જનોનું મત એ ગ્રંથ ફરીથી છપાવવા થયું; તેથી આજ આ લઘુ પણ અમૂલ્ય પુસ્તક સર્વે સજ્જનોની સમક્ષ અર્પણ કરૂંછું.

વિદ્વાનોની શક્તિ અકલિત હોયછે. માટે તે જ્યારે પોતાના રચેલ પુસ્તકનું પુનરાવલોકન કરેછે, ત્યારે તેમાં બહુ ફેરફાર કરેછે. મૂળ સંસ્કૃતમાં આ પુસ્તકનું પણ તેમજ થયું છે; માટે ભાષાંતરમાં રહી ગયેલ કાંઈક ફેરફાર ઊપર વિદ્વાનો દયાદૃષ્ટિથી જોશે એમ આશા રાખુંછું.

વિ. પ્ર. વૈદ્ય.

સંવત ૧૯૪૦ ના માર્ગ-
શીર્ષ વદી ૧૩ ગુરૂવાર.

अनसूयाभ्युदय.

મારી પ્રિય બેહેનો! એક સર્વ સતીજનોના મુગટનું રત્ન, ત્રણે લોકમાં વિખ્યાત કીર્ત્તિવાળાં, અને જેને સ્વપ્નમાં પણ ઇર્ષ્યા ઉત્પન્ન નહિ થયેલ એવાં નામે અનસૂયા, દેવી દેવહૂતિના હૃદયદૈવત ભગવાન્ કર્દમઋષિની દીકરી હતાં. તેણે, સાંખ્યયોગના ઉદ્ધારનેમાટે અવતાર લેનાર, પોતાનાં વચનાંમૃતોની લેહેરોની લીલાએ પવિત્ર થએલાં સર્વ સાંખ્ય શાસ્ત્રમાં પવિત્ર અંતઃકરણવાળા ભગવાન્ કપિલદેવનું સોદર્ય (ભાંડરૂપણું) શોભાવ્યું હતું; એટલુંજ નહીં પણ નિરંતર ઉપદેશના બળથી એક ભગવાન્ કર્દમઋષિનાં વહાલાં સ્ત્રી દેવહૂતિનેજ અપાર સંસારના પારથી ઉદ્ધાર કરી, સ્ત્રિયોના ઉદ્ધારમાં પોતાનું બહુ સામર્થ્ય માનનારા પોતાના ભાઇ કપિલદેવને

જાણે હસતાં હોયની ? એમ સર્વ દેવતાઓને વર્ણવવાયોગ્ય, અને ત્રણે જગતની સ્ત્રિયોના ઉદ્ધારમાં સમર્થ, એવાં કોઇ જુદાજ પ્રકારનાં તેણે પવિત્ર ચરિત્રો કર્યાં હતાં. તેનું પાણિગ્રહણ, જગતમાં પ્રખ્યાત યશવાળા ભગવાન્ અત્રિઋષિએ કર્યું હતું. તેને, ત્રૈલોક્યનાં માતા ભગવતી સતીએ પુછાએલા પરમેશ્વર ચંદ્રમૌલિ સદાશિવે પણ પતિવ્રતાઓની ગણનામાં પેહેલાં ગણ્યાં હતાં. કોઈ દિવસ વિચિત્ર ચરિત્ર વાળા પરમ પવિત્ર અત્રિઋષિ ક્યાંઈ પણ ગયા હશે તે વખતે તેના સતીપણાની પરીક્ષામાં અંતઃકરણ હોવાથી હરિ, હર અને બ્રહ્માએ બ્રાહ્મણનો વેશ ધારણ કરી પોતાનાં ચરણકમળની માળાવડે તેના આશ્રમની જગ્યાને શોભાવી હતી; તે સમયે આશ્રમમાં પધારેલા ત્રણે દેવોને પોતાના સતીપણાના પ્રભાવથી, અત્યંત સૌશીલ્યથી, મન વચન કર્મ અને

કાયાથી પોતાના હૃદયના ઇશ્વર અત્રિઋષિમાં ઇશ્વિરબુદ્ધિથી, અને પોતાનો ધર્મ, કુળનો ધર્મ ને સત્કર્મ પાળવાની ચતુરાઈથી, છ છ માસનાં બાળકની અવસ્થામાં કરી મુક્યા હતા; અને ત્યારપછી તેઓ તેના પુત્રોપણાને પામ્યા. આ, તેની કીર્તિરૂપ ધ્વજા હોય નહિ જાણે! તેમ મહાભારતના ધર્મરૂપ મેહેલને શોભા આપનારી વિખ્યાત વાત આજસુધી સતીજનોનાં અને કુલવાન કન્યાઓનાં અંતઃકરણોને ખેંચે છે.

કોઈ એક સમયે સર્વ પાણીનાં નવાણો સુકાઈ ગયાં, ને બધી વનસ્પતિનાં સઘળાં સુકાઇને ખરી ગએલાં પાંદડાંથી જંગલ અતિ જુનું અને ભયાનક જણાવા લાગ્યું, એવો જ્યારે દુઃખદાયક દુષ્કાળ આવી પડ્યો ત્યારે ફળ, મૂળ, પાંદડાં, પુષ્પો અને પાણી પણ ન મળવાથી આકુળ અંતઃકરણે પોતાના ઇષ્ટદેવ સદાશિ-

વનું સ્વરૂપ હૃદયમાં ધારણ કરી સમાધિમાં મગ્ન થયેલા, અતિ વહાલા પોતાના પ્રાણપતિની એક મન-વચન-કર્મથી સેવા કરતાં ભૂખ, તરશ, ગ્લાનિ, મ્લાનિ, રોગ, દુઃખ, વાયુ, વરસાદ એ આદિ કાંઈ પણ તેણે જાણ્યું નહીં; અને પોતાના પ્રાણનાથનાં ચરણારવિંદની સેવામાં ઉત્પન્ન થયેલા હર્ષવડે રાજી અંતઃકરણથી અને પોતાના પ્રાણનાથનાં પદકમળમાં એકાગ્ર ચિત્તથી, આવી સો દુકાળી પણ તેના જાણવામાં આવી નહીં.

હવે એ સોદુકાળીમાં એક વર્ષ ઓછું હતું ત્યારે પોતાના પ્રાણનાથે સમાધિમાંથી જાગીને પાણી લાવવાને આજ્ઞા કરી; તે, માથે ચડાવી ભેટ બાંધી, હાથમાં પોતાના સ્વામિનાથનું કમંડલુ લઈ ત્યાંથી ઉતાવળાં ચાલ્યાં, અને હજી થોડાંએક દૂર ગયાં હશે તેટલામાં કોઈ પૂર્વે નહીં દીઠેલાં દેવી પાછળથી આવી બોલ્યાં કે,

'અલિ! પ્રાણનાથના ચરણકમલના શરણવાળી પ્રિયસખિ અનસૂયા! તું ક્યાં જાય છે? આ તારા કમળસરખા કોમળ ચરણને ફરિફરિને ક્યાં સુધી મેહનત આપીશ? કોમળ અંગવાળિ વહાલી સખિ! આ તારાં અતિ કોમળ અંગને અત્યંત તીક્ષ્ણ તડકાના તાપથી કેટલીકવાર કરમાવીશ? સાક્ષાત્ મૂર્તિમાન્ વિઘ્નરૂપ આ સામો આવતો દાવાનળનો સહવાસી પાપી પવન તને આડો પડી અટકાવે છે, તો પણ આગળ પગ ભરવાને કેમ દોડે છે? આવી તે તારે શું કરવાની આતુરતા છે? એ કાંઈ મારાથી જણાતું નથી.'

આટલું સાંભળી, પોતાના પ્રાણનાથનેમાટે પાણી લઈ જઈ પોચાડવું હતું, માટે સામું પણ જોયાવગર તે બોલ્યાં કે 'પ્રિય બેહેન! તમે કોણ છો? ક્યાંથી આવો છો? શા કારણે આપનું પધારવું થયું છે? એ કાંઈ પણ હું જાણતી નથી, તેમ

તે જાણવાને કે આપને ઓળખવાને, પ્રાણનાથે પાણી લેવા માટે કરેલા હુકમમાં જોડાયેલાં આ માણસને એવો વધારે વખત પણ નથી; માટે જરા ક્ષમા કરો; અને હું હમણાં પાણી લઈ આવી આપનો સારી રીતે સત્કાર કરીશ.' આવાં વાક્યો સાંભળી દેવી બોલ્યાં કે, 'અરે પ્રિયસખિ! આટલેથી ઘણું થયું. હાલમાં મહા દુઃખદાયક સોદુકાળી ચાલે છે, માટે સો સો યોજન સુધી પણ પાણી મળી શકશે નહીં; માટે વૃથા શ્રમ શા માટે કરેછે?' આ બોલ સાંભળ્યા કે 'અરે દૈવ! હું શું કરૂં? અરે હું ક્યાં જાઉં? અરે હવે શા ઉપાયથી પ્રાણનાથને માટે પાણી લાવું? અરે મંદભાગ્યવાળી હું આજ સો વર્ષે સમાધિમાંથી જાગેલા મારા પરમેશ્વર પ્રાણનાથને એક પાણીથી પણ પ્રસન્ન કરવા સમર્થ થઈ નહીં!!! અરે આથી હવે મારૂં બીજું ક્યું દુર્ભાગ્ય? હે ભગીરથ આદિ ભ-

ક્તોના અભિલાષને પૂરનારાં ભાગીરથિ! હે સર્વ જનોને શરણ દેનારાં નર્મદા! હે દયામય અંતઃકરણવાળાં દેવી યમુના! હે પાપીઓના તાપ ને પાપ કાપનારાં તાપિ! હે માતા સરસ્વતિ અને બીજી પવિત્ર નદીઓ! આ તમારી પુત્રી પોતાના પ્રાણપતિની આજ્ઞાથી પાણી લેવાને આવી, પણ તે ન મળવાથી તમ સર્વની પ્રાર્થના કરૂં છું કે મને મારા પ્રાણનાથને માટે કૃપા કરી આ કમંડલુ માત્રજ પાણી આપો' (મનમાં) અરે આ દુઃખદાયક સોદુકાળીની પણ મને ખબર નડી નહીં!! હજી હમણાં સુધી મારા સ્વામીનું કમંડલુ પાણીથી ભરેલું દેખાતું હતું અને આટલીજ વારમાં ખાલી થઈ ગયું; માટે આ કોઇ આર્યપુત્ર પ્રાણનાથના તપનો પ્રભાવ હશે. અરે! કોઈ દિવસ નજરે પણ નહિ દીઠેલું આ પાણી ન મળવાનું દુઃખ પ્રાણ ના-

થને તરશ લાગી તેજ સમયે ક્યાંથી આવ્યું? અરે દૈવ! આ શું!' એટલું એકવાર બોલતાં તરતજ મૂર્છા આવીજતાં પડી ગઈ.

પછી મૂર્છા આવેલી જોઈ છાંનાં રહેનારાં દેવીએ, તેને એવી રીતે આજ્ઞા કરી કે, 'પ્રિય પુત્રિ અનસૂયા! તું શા માટે શોક કરે છે? હવે તું આંહીં એક ખાડો કર. આ હું તને મળવાને ઇચ્છા રાખનારી ભાગીરથી નામે ગંગા છું; અને મેંજ તારી પાસે રેહેવાની ઇચ્છાથી આટલીવારસુધી તારા પ્રિયપતિનું કમંડલુ પાણીથી પૂર્ણ રાખ્યું હતું; માટે હવે હું પ્રસન્ન થઈ તારા પ્રાણપતિની તરશ મટાડવા અહીં ઉત્પન્ન થઈશ.'

તેણે ભાગીરથીનાં હર્ષ આપનારાં વાક્યોથી પ્રસન્ન થઈ, તરતજ એક ખાડો કરી, તેમાંથી પોતાનું પાત્ર ગંગાજળથી ભરી, પ્રાર્થના કરી કે 'માતા ભાગીરથિ! મારા પ્રાણ-

નાથ આપના સમાગમની વાત સાંભળી કદિ ન્હાવાની ઈચ્છા કરશે માટે તેટલી વાર-સુધી આપ આહીં રહેશો એવી આ તમારી પુત્રીની પ્રાર્થના છે.'

એ સાંભળીને દેવી બોલ્યાં કે 'દીકરી અનસૂયા! તારાં સૌશિલ્યથી, અને તારા, પ્રાણનાથની ઉપરના હદવગરના પ્રેમથી તેં મને વશ કરેલ છે તોપણ, જો તારૂં એક વર્ષનું પતિની પૂજાનું પુણ્ય આપે તો હું રહું.' આવું ગંગાનું બોલવું અંગીકાર કરી તે પોતાના પ્રાણનાથની પાસે ગયાં. અત્રિઋષિએ પણ એ પાણીનું પાન કરીને, પુછયું કે 'પ્રિયે! આ આપણા આશ્રમનું પાણી નહીં. આતો સંસારના રોગને મટાડનારૂં ગંગાનું પાણી; એ ક્યાંથી લાવ્યાં?' જો કે પ્રાણનાથનું આવું પ્રશ્ન સાંભળી પોતાનું મહાત્મ્ય કેહેતાં શરમ લાગી તોપણ, 'પ્રાણનાથ! આપના તપના પ્રતાપથીજ અ-

હીંથી થોડે દૂર ભગવતી ભાગીરથી પ્રકટ થયાં છે.' એવી રીતે હાથ જોડીને તેણે પ્રાર્થના કરી.

અત્રિઋષિ, આશ્ચર્યકારક આવું વાક્ય સાંભળી, અતિ આનંદે તરત ત્યાં નહાવાસારૂ પધાર્યા; અને ત્યાં જઈ નાહ્યા પછી અત્યંત સ્તુતિ કરી પોતાના આશ્રમમાં સદાકાળ રેહેવાને પ્રાર્થના કરી. ભાગીરથીએ કહ્યું કે 'જો અનસૂયા એક વર્ષનું પોતાના પતિવ્રતાપણાનું પુણ્ય આપે ને સર્વ ભૂતેશ્વર ભગવાન્ સદાશિવ તમારા પ્રસન્ન કરવાથી આહીં રહે તો મારે અનસૂયા પાસે રેહેવા જેવું બીજું કાંઇ પ્રિય નથી.'

અત્રિઋષિએ પણ તરત પ્રસન્ન થનારા પાર્વતીના પ્રાણનાથને પોતાના ઉગ્ર તપથી પ્રસન્ન કરી આશ્રમમાં રાખ્યા; અને ભાગીરથીને પણ અનસૂયાનું એક વર્ષનું પતિવ્રતાપ-

ણાનું પુણ્ય આપી પોતાના આશ્રમમાં રાખ્યાં. (તે આજ પણ દક્ષિણમાં અત્રીશ્વર અને અત્રિગંગા એવે નામે પ્રસિદ્ધ છે અને હજી એ પાણી દુકાળમાં પણ સુકાતું નથી.) આવી રીતે પતિવ્રતાપણાની પતાકા જેવી, તેની શોભા આપનારી વાત, શિવપુરાણમાં સારીપેઠે પ્રખ્યાત છે.

પ્રિય બેહેનો! તેજ અનસૂયા સતીને એક દિવસ ઇંદ્રાદિક દેવતાઓ આવી હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા કે "માતા અનસૂયા! હવે તો તમેજ અમારૂં શરણ છો. બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવે પણ 'સતી જનોના શિરોમણિ અનસૂયા તમારા તાપને મટાડશે' એમ કહ્યું; તેથી અમે એ સર્વેનો ત્યાગ કરી શરણે આવી તમારા ચરણનો આશ્રય કર્યો છે; માટે જે હવે આપને ઉચિત હોય તે કરો." એમ કહી બધા બોલતા બંધ થઈ ગયા ત્યારે અન-

સૂયા બોલ્યાં કે, 'દેવતાઓ ! તમારે આવડી શી આપત્તિ આવી પડી છે? તે મને તરત કહો.' એવું સાંભળીને ઇંદ્રની આજ્ઞાથી દેવતાઓના ગુરૂ બૃહસ્પતિ બોલવા લાગ્યા કેઃ—

"દેવિ! પ્રતિષ્ઠાન એવે નામે નગરમાં ઉંચા કુળમાં ઉત્પન્ન થયેલા સોમશર્મા નામના સંતતિવિનાના બ્રાહ્મણને, જ્યારે વૃદ્ધ થયો ત્યારે, એકજ પુત્રી પ્રાપ્ત થઇ.તે છોકરીની માતા તેના જન્મ વખતેજ મરણ પામી;તેથી સોમશર્માએ ઈશ્વરેચ્છાથી આ ઉલટો ન્યાય જોઈ, ધીરજ ધારણ કરી, પોતાની છોકરીનું પાંચ વર્ષ સુધી પાળણ-પોષણ કર્યું. હવે એવું બન્યું કે કોઈ દુઃખથી પણ સહન ન થાય એવા મહાકાળજ્વરની પીડાએ તેનું શરીર અતિ શિથિલ થઈ ગયું; તેથી દેહમાત્ર ભિન્ન પોતાના મિત્ર ચંદ્રચૂડને 'આ તારી દીકરી છે' એમ કહીને નર્મદા નામની પોતાની પુત્રી અર્પણ કરીને તર-

તજ કાળના યોગથી પુણ્યલોકને પામ્યો. ચંદ્રચૂડે પણ પોતાને સંતાન નહીં હોવાથી તેને દીકરાની પેઠે પાળીને મોટી કરી.તે વેદ,શાસ્ત્ર, પુરાણ અને ઇતિહાસોની વિદ્યામાં હુંશિયાર, સંગીતમાં સંપૂર્ણ, અલંકારમાં એક્કો, સદાચરણમાં સુઘડ, પુરાણમાં પેહેલી જનારી, આખ્યાયિકામાં ખ્યાતિ પામનારી, યોગમાં પાર પામનારી, સૌહાર્દનો હાર્દ જાણનારી, વેદમાં વખાણવા લાયક, વાતમાં વિસ્તાર યશવાળી, તપમાં પ્રસિદ્ધ પ્રતાપવાળી, ચિત્રકળામાં ચતુર અને વિનયમાં વિખ્યાત સરળ સ્વભાવવાળી થઈ.તેની,સદ્ગુણી અને સુંદર સ્વભાવના જે જે વર શોધીને સગાઈ કરી,તે તે બધા એક એક વર્ષની અંદર મરણ પામ્યા. એમ જ્યારે તેના પાંચ વર મરણ પામ્યા ત્યારે ચંદ્રચૂડનું પણ આયુષ્ય પૂર્ણ થઈ રહ્યું. એવી રીતે જ્યારે માતાનું મરણ થયું, પિતાના પ્રાણ

ગયા અને પિતાની પેઠે પાળનાર પિતાના મિત્રનું પણ મરણ થયું ત્યારે અતિ ઉદ્વેગથી તેણે તપ એજ શરણરૂપ માની એવું કર્યું કે થોડાજ સમયમાં એજ શરીરથી સ્વર્ગમાં જવા સમર્થ થઈ; અને તેથી રોજરોજ દેવસભામાં આવીને વેદાંતવાદ ચલાવવા માંડયો. એક દિવસ વેદાંતવાદ કરતાં ઘણો વખત વીતી જવાથી 'તમારા પ્રશ્નનો ઉત્તર આવતે દિવસે આપીશ' એવું મને કહી જઇને, થોડે દૂરથી પોતાના પ્રશ્નનો ઉત્તર કરવા ફરી દેવસભામાં આવી. તે સમયે તેની બેઠકની જગોએ પવિત્રતા કરનારા પદાર્થો છંટાતા જોઈ 'આ તમે શું કરો છો?' એમ પુછયું કે તરતજ બે હાથ જોડી તેના પ્રભાવથી બ્હીતાં બ્હીતાં ઇંદ્રે પ્રાર્થના કરી કે 'દેવિ! તમારા તપના પ્રભાવથી સ્વર્ગમાં આવવું એ કાંઈ દુર્લભ નથી; તો પણ પોતાના પ્રાણનાથની સેવા કર્યાવિના પ્રમદાઓ જપ,

તપ, સ્વાધ્યાય, ઈશ્વરપૂજન, દાન, ધ્યાન, દમ, શમ અને દયા આદિ હજારો કરે તો પણ તેઓ પવિત્ર થતી નથી. માટે એવાંજ કારણનેલીધે આપના બેસવાથી અપવિત્ર થયેલાં સ્થાનકને પવિત્ર કરિયે છિયે. તે આપે ક્ષમા કરવી.' દેવતાઓનો ઇંદ્ર, પતિવિષેની બાબતમાં આવી રીતે બોલ્યો ત્યારે કોઇ પૂર્વપુણ્યથી પ્રિયપતિના ચરણની સેવા મળવાની છે એમ નિશ્ચય કરી, દેવતાઓની સભાના મધ્યમાં ગદ્ગદ કંઠે અને આંસુથી ઝાંખી આંખો કરતાં તે એવી રીતે બોલી કે, 'દેવતાઓ! મારાં મા-બાપે મને જે જે વર શોધીને સગાઇ કરી તે તે મારૂં પાણિગ્રહણ થયા પેહેલાંજ પરલોકમાં પહોચી ગયા. આ ઠેકાણે મારો શો અપરાધ? શું કરવું? અને કલ્યાણનો કયો ઉપાય? અરે! મને મંદભાગ્યવાળીનેજ નિમિત્તરૂપ કરી બધાં કામ પડતાં મેલી અધુરી આશાએ

મરણ પામી તેઓ પાંચેય, પ્રેતરાજાના પ-
રોણા થયા!!! માટે પાણિગ્રહણના આગ્રહથી
ઘણું થયું. હવે તો તપનોજ આશ્રય કરૂં.
એમ વિચારી તેવીરીતે કરવાનો આરંભ કર્યો.
આ બધું આપે સાંભળ્યું હવે જેમ કહો તેમ
કરૂં.' દેવતાઓ બોલ્યા કે, 'ભગવતિ! આમાં
કાંઈ તમારો અપરાધ નથી. તોપણ પૃથ્વીઉ-
પર ત્રણ દિવસ સુધી 'જે મારૂં પાણીગ્રહણ
કરશે તેની જીવતાં સુધી મન-વચન-કર્મથી
એકરૂપ સદા આજ્ઞામાં રેહેનારી દાસી થઈશ'
એવી રીતે શેરીઓમાં, ચઉટાઓમાં અને રા-
જમાર્ગમાં ઢંઢેરો કરો અને જો પછી કોઈ ત-
મને નહીં પરણે તો પણ ન પરણવાના પા-
પથી મુકાઈ જશો; માટે તેમ કરવા આપ
તન-મનથી પક્કો પ્રયત્ન કરો.'

આવી આજ્ઞા સાંભળી કે, મન કરતાં પણ
અતિ વેગવાળા વેગની સાથે સ્વર્ગની સભા-

માંથી પ્રતિષ્ઠાન પુરમાં આવી ઇંદ્રની આજ્ઞા પ્રમાણે કરવાનો આરંભ કર્યો.

ગરબી.

(કાન લ્યો કાનડને લ્યો કોઇ માધવ લ્યો, વેચંતી વ્રજનારી.)—એ રાગ.

'જન કોઇ સુણજો આજ
એક અરજ આ મારી.—'[1] ટેક.
સેવીશ તેને હું શુભરીતે,
જો કોઈ પરણે પ્રીતે. જનકોઈ. ૧
પ્રાણપતિ તે પ્યારા મારા,
મનમંદિર રેહેનારા. જન. ૨
પ્રેમે જે મુજનો કર લેશે,
દૈવત મારૂ એ છે. જન. ૩
પૂજિશ મન વચને ને કાયે,
જે મારા પ્રિય થાયે. જન. ૪

---

૧ ભાષાંતરકર્ત્તાએ તેનીજ મતલબમાં વધારો કરેલ છે.

દાસી થઈ સેવિશ શિશનામી,
થાશે જે મુજ સ્વામી. જન. ૫
મુજ અવતાર વૃથા આ થાએ,
જપતપ સઘળું જાયે. જન. ૬
જે મુજના પ્રેમે પ્રિય થાશે,
જેથી દુખડાં જાશે; જન. ૭
એ પ્રિયપતિનું રક્ષણ કરવા,
હાજર હું છું મરવા. જન. ૮
માટે શું વર્ણવવી વાણી,
હું છું દીન અજાણી. જન. ૯'

પુષ્પિતાગ્રા છંદ.

પ્રતિધર પ્રતિમાર્ગમાં ફરે છે,
ફરિ ફરિ નારિ પુકાર તે કરેછે;
પણ જન સહુ મૃત્યુરૂપ જાણી,
નહિ કદિ કોઈ કરે સ્વિકાર પાણિ.[1]

---

૧ હાથ.

એવી રીતે પોકાર કરતાં ત્રીજા દિવસની પાછલી ચાર ઘડી રાત માત્ર બાકી રહ્યાથી પાણિગ્રહણની આશાનો નાશ થયો, તો પણ તે સમયે શેહેરની બહાર નીકળીને, એક કોઈ બેહેરાનાં ટોળાંના બોલથી કોળાહળવાળી, એક તરફ પોતાનાં બાળકોના દૃઢ અભ્યાસસારૂ મોટા વૈદ્યોએ ભેળા કરેલા વાત, પિત્ત, કફ, સન્નિપાત, ને આગંતુક એવા મૂર્તિમાન તાવ હોયની જાણે! તેવા તે તે તાવોએ પીડાએલા પુરૂષોથી પુરાએલી, એક તરફ સંગ્રહણી વાળાથી, એક તરફ અતિસારવાળાથી, એક તરફ શૂળવાળાથી, એકતરફ વાતપિત્તવાળાથી, એકતરફ અર્ષની પીડાએ નાશ પામેલા હર્ષવાળાથી, એકતરફ વિવિધ પ્રકારના વ્રણવાળાથી, કોઈ તરફ કંઠમાળવાળાથી અને કોઈ તરફ કીડા પડેલા આદિ હજારો અને લાખો રોગવાળાથી રોકાયેલી; કાલાઓ જેમાં

કલકલાટ કરે છે, આંધળાઓ જેમાં આથડે છે, બેહેરાઓ જેમાં બરાડાં પાડે છે, પાંગળાઓ જેમાં પડયા કરે છે, પાનકો જેમાં પીવાય છે, અવલેહો જેમાં ચટાય છે, આસવો જેમાં ખેંચાય છે, કવાથો જેમાં કઢાય છે, લેપો જેમાં લઢાય છે અને ગોળીઓ જેમાં ગણાય છે, એવી દરદી લોકોની દવાશાળા પાસે જઈ પ્રથમની પેઠે પુકાર કર્યો કે તરતજ એક રાજયક્ષ્મા (ક્ષય) ની રાજધાનીરૂપ, વ્રણના આવાસરૂપ, સર્વરોગનાં સંસ્થાનરૂપ, અતિ તીક્ષ્ણ હાલાહલસરખા પ્રાણહર પદાર્થોને પણ પાછળ મૂકનારાં બાણસરખાં તીક્ષ્ણ દુર્વચનોનું ઉત્પત્તિસ્થાન, આધિવ્યાધિના આધારરૂપ, ધર્મના ઢાંકણાંરૂપ, દુ:શીલની સીમારૂપ, કુબડામાં કલંગીરૂપ, કોઢના ક્યારારૂપ, પરૂ અને લોહિની નદીને ઉત્પન્ન કરનારા પર્વતરૂપ, ક્રોધના સુવાના મેહેલરૂપ, લોભના લીલા કર-

વાના ભુવનરૂપ, મદના ધરરૂપ, મોહની જ-ન્મભૂમિરૂપ, અને મત્સરના ક્રીડાસરોવરરૂપ, કૌશિક એવે નામે બ્રાહ્મણ બોલ્યો કે, 'અરે બીકણ સ્ત્રી! જો એમ હોય તો તારાં પાણિગ્રહણમાં ઇચ્છાવાળો આ માણસ છે.'

એવું એનું અમૃતતુલ્ય વચન સાંભળ્યું કે તરત તે બ્રાહ્મણને બોલાવી, ઉપર કહેલી અવસ્થાવાળા તેના અવયવોમાં સુગ ન લાવી, લોકોની હાંસીને વાસે મૂકી, રોગ ઉડવાની શંકાને ન ગણી, શેહેરના વાદને ન સાંભળી, હેતુજનોની આજ્ઞાને ઉલ્લંઘન કરી; અતિ આનંદે તેની સાથે વિવાહ કર્યો. ત્યારપછી—

પુષ્પિતાગ્રા છંદ.

પ્રભુસમ પતિને સદા ભજીને,
અતિશય નિર્મલ સદ્ગુણો સજીને;
ક્ષણ નહિ અસતીનિ બેઠકોમાં,
ગઈ, થઈ શ્રેષ્ટ સતી સતીજનોમાં. ૧

અતિશય પરૂ-લોહિનાજ રેલા,
કરતી કરે કરિ દૂર ઊતરેલા;
તદપિ સુગ થતું નહીં સતીને,
વિનયવતી નહિ નિંદતી પતિને. ૨

એમ મર્દન કરવું, પગે લાગી પગ ચાંપવા, નવરાવવું, આસન આપવું, જમાડવું, પરૂ, લોહિ, મળ, મૂત્ર અને પુરિશને સાફ કરવું, અને તેની મરજીપ્રમાણે વર્ત્તવું, એ સર્વ કરવાથી તેણે રાત કે દિવસ કાંઈ જાણ્યું નહીં. તે તેનો પતિ અતિ તીક્ષ્ણ કોપથી અને અતિ કઠણ નિર્દય સ્વભાવથી, દિવસે દિવસે, પોહોરે પોહેરે, ઘડિએ ઘડિએ, કદિ મારે, તરછોડે, કે અપમાન કરે, તોપણ પ્રેમથી, સરલ સ્વભાવથી, વિવેકથી અને ભકિતથી હસતે મુખે પ્રણામપૂર્વક હાથ જોડીને, 'પ્રાણનાથ! હૃદયદૈવત! જીવિતેશ્વર! આ તમારા ચરણક-

મળની ગુણહીન દીન દાસી અનેક કામમાં દિવસે દિવસે, ક્ષણે ક્ષણે, વિશેષ તો શું પણ પળે પળે પણ આપના અપરાધમાં પડેલી-જ છે; માટે આપની એક કૃપારૂપ જીવ-નનોજ જેને આધાર છે અને આપજ જેના નાથ છો, એવી આ આપના ચરણકમળની દાસીના હજારો અપરાધ માફ કરો. શું આ-પનું પ્રિય કરૂં, કેવી રીતે આપની સેવા કરૂં, કઈ રીતે આપને અનુસરૂં, કયો માર્ગ આ-પને વાહાલો છે, કયા ધર્મમાં આપને ઈચ્છા છે, ક્યાં આપને પ્રીતિ છે, ક્યાં અપ્રીતિ છે, અને કેવી રીતે વર્त्तवाથી પ્રાણનાથ મારાપર પ્રસન્ન થાશો, એ આપ આજ્ઞા કરો તેમ કરૂં.' એ રીતે વચનામૃતોથી પોતાના પતિનો પ્રે-મથી રોષ ઉતારતી હતી. ઘણું તો શું પણ જેનાં સ્મરણથી સર્વ સજ્જનોને ઉદ્વેગ થાય એવાં અતિ તીક્ષ્ણ કઠણ વાકયોથી કદિ વઢે

તોપણ 'હે મારા પ્રાણના આધાર પરમેશ્વર! પ્રાણૈકબંધુ! પરમપ્રિય પ્રાણનાથ! આ આપની દીન દાસીઉપર દયા કરો.' એટલા આદરના બોલશિવાય બીજું કાંઈપણ બોલતી નહીં.

એક દહાડો પોતાની સ્ત્રી નર્મદાને કૌશિક બ્રાહ્મણે કહ્યું કે 'હે પ્રિયે! મારા જન્મથી માંડીને મેં નહિ કર્યું હોય એવું એકે પાપ પૃથ્વીના પડઉપર મારા જોવામાં આવતું નથી; માટે તારા સમાગમે ઉત્પન્ન થયેલા જ્ઞાનથી સર્વ પાપીઓને પાવન કરનારી ભાગીરથીના તીર્થવિના બીજું કાંઈપણ હું શરણરૂપ દેખતો નથી. તેથી કોઈપણ પ્રકારે મને સંપૂર્ણ તીર્થયાત્રા કરાવ.' એવું એનું વાક્ય સાંભળતાં પોતાના પ્રાણનાથની આજ્ઞા માથે ચડાવી, ભેટ બાંધી, પોતાના હૃદયદૈવત પતિને ખભે ઉપાડી, એકેકાં પુણ્યતીર્થમાં ફરવાનો આરંભ

કર્યાં; અને થોડા દિવસમાં સર્વ તીર્થો ફરીને પાછી પ્રતિષ્ઠાન પુર પાસે આવી પહોંચી. તે ઠેકાણે ચોરીના ખોટા અપવાદથી શૂળીએ ચઢાવેલા, તપના નિધાન, અતિ દુખિયા, માંડવ્યમુનિને અંધારામાં અજાણતાં પોતાના પતિના પગનો સ્પર્શ થયો. તે વખતે તેના પગના સ્પર્શથી પીડાએલા મુનિમંડળના મુગટરૂપ માંડવ્યમુનિએ એવી રીતે શાપ આપ્યો કે 'હું આવા દુઃખમાં છતાં મને પગથી સ્પર્શકરનાર, સૂર્યના ઉદયની વખતે સૂર્યના પુત્ર યમરાજાને ઘેર અતિથીપણાને પામશે.' (અર્થાત્ મરી જશે.) એ પ્રતિક્રિયાવગરનો વજ્ર સરખો તીક્ષ્ણ શાપ સાંભળી પતિના પદમાં એક દૈવતવાળી નર્મદાની આંખમાંથી આંસુ પડવા માંડયાં; હજારો સંતાપ મનમાં ઉઠવા લાગ્યા; અને બોલી કે 'હે ત્રિલોકીના સાક્ષી, લોકબંધુ, વેદમૂર્તિ, સંજ્ઞા અને છાયા દેવીના

હૃદયના દૈવત ! દેવ દિનમણિ સૂર્યનારાયણ ! જો આ તમારી પુત્રી જન્મથી માંડીને પોતાના પ્રાણનાથનેજ પરમ દૈવત જાણતી હોય, તેનેજ ઈશ્વરબુદ્ધિથી પૂજતી હોય, અને તેનેજ સંસારમાં સર્વસ્વરૂપ માનતી હોય તો ઉદયગિરિ ઉપર આપ ઊગશો નહીં.' દેવિ અનસૂયા ! પોતાના નાથની પ્રેમથી પૂર્ણ હૃદયે પૂજા કરનારી સતીએ એવી રીતે કહ્યું છે, ત્યારથી તેના પતિવ્રતાપણાના પ્રભાવથી એજ બીકનેલીધે આજ દિવસસુધી સૂર્યનારાયણ ઉગી શકતા નથી. એટલુંજ અમારે દુઃખ છે. હવે તે સાંભળી આપ કહો તે ખરૂં."

એમ કહીને બૃહસ્પતિ નીચે બેસી ગયા પછી અનસૂયા બોલ્યાં કે, 'તમે જરા પણ ડરશો નહીં. હમણાંજ પતિના પદમાં પ્રેમ બંધાવાથી પ્રતાપી પતિવ્રતાને તેની ઇચ્છા-

પ્રમાણે તેને ખુશી કરી તમારૂં સર્વનું સૂર્યો-
દયનું દુઃખ મટાડીશ.' એમ કહીને ત્રિ-
લોકીમાં પ્રસિદ્ધ, પતિવ્રતાપણાંના પ્રભાવમાં
વિખ્યાત અનસૂયા, તેજ ક્ષણે પ્રતિષ્ઠાન-
પુરમાં રેહેનારા કૌશિકને ઘેર ગયાં. આ-
કારથીજ અનુમાનમાં આવતા પવિત્રતા-
પણાના પ્રભાવવાળાં, અતિ શોભાયમાન સ્વ-
રૂપવાળાં અને દૂરથી પોતાને ઘેર આવતાં અ-
નસૂયાને જોઈ ઉભાં થઇને પોતાના પ્રાણના-
થના ચરણના શરણવાળાં નર્મદા, કેટલાંએક
પગલાં આગળ જઈ પ્રેમથી પગે લાગ્યાં. પછી
પ્રણામ કરેલાં નર્મદાને, પતિવ્રતાના કુળમાં
ભૂષણરૂપ અનસૂયા કેહેવા લાગ્યાં કે, 'પ્રાણ-
નાથને પ્રસન્ન કરનારી પુત્રિ નર્મદા! તું કુ-
શળ છે? તારો સર્વ કલ્યાણના ઉદયની સિ-
દ્ધિના મૂળરૂપ ધર્મ તો કુશળ છે? તારા પ્રાણ-
નાથના મુખચંદ્રના દર્શનથી તું આનંદમાં છો?

અને પોતાના પ્રાણપતિને દેવતાઓ કરતાં પણ અધિક માન આપે છે? પુત્રિ! પતિપદની પૂજા એજ સત્કુળમાં ઉત્પન્ન થનારી સતીઓનું સર્વસ્વ છે. જો ને હું સરખી પણ મારા પ્રાણનાથનાં ચરણકમળની પૂજાથી, સર્વ દેવતા, અસુર, મુનિ, નર, નાગ, સિદ્ધ, ગંધર્વ, આદિ જાતિઓથી ભરેલા જગતને વંદવા યોગ્ય સતીપણાને પામી છે. પ્રમદારૂપ પરમાણુઓ આ સંસારમાં ઘણાં થાશે, થાય છે, અને થઇ ગયાં છે;પરંતુ પોતાના હૃદયવલ્લભના પદપલ્લવની પૂજાથી પ્રાપ્ત થયેલ કલ્યાણના ઉદયવાળાં,ત્રણે ભુવનમાં વિખ્યાત કીર્તિવાળાં,અને ત્રણે ભુવનને શોભાવનારાં તારા સરખાં સ્રીરૂપ રત્નો થોડાંજ. જેને પતિ એજ પરમ દૈવત છે, તેનાં વચનો એજ શાસ્ત્ર છે, તેના પગની પૂજા એજ સર્વસ્વ છે, સદ્ગુણો એજ આભૂષણો છે, સાસુ-સસરો એજ જેને તીર્થ

છે, પોતાના પતિના ગુરૂજનો એજ જેને પૂજવા લાયક છે, નણંદો એજ જેને બેહેનો છે, દેરો એજ જેને દીકરા છે, દેરની સ્ત્રિયો એજ જેને દીકરીઓ છે, શીલ એજ જેને ધન છે, પતિવ્રતા સતીઓ એજ જેને સખિયો છે, જે એક મન, વચન, કર્મ ને કાયેથી પરમેશ્વરની પેઠે પ્રાણનાથને પૂજે છે, પોતાના પ્રાણત્યાગ સુધી પણ પ્રાણનાથનું હિત કરે છે, પોતાના સ્વામી આગળ પોતાનું મરણ પણ મંગળરૂપ માને છે, પતિના ચરણની પૂજામાંજ તૃષ્ણા રાખે છે, તેનું મુખ જોવામાંજ વ્યસન વધારે છે, તેના ગુણ સાંભળવામાંજ ઇચ્છા ધરેછે, તેના ગુણના વર્ણનમાંજ વાચાળ થાય છે, અને જે સર્વ સદ્ગુણહીન હોય, સર્વ દુર્ગુણમાં લીન હોય અને દીન હોય તોપણ પોતાના પતિને મનથી પણ અવગણના કરતી નથી; અને એકાંતમાં પણ 'પ્રાણનાથ!

આ તમારી ગુણહીન, દુર્ગુણમાં લીન, દીન દાસી યથામતિ જે કાંઈ વિનંતી કરે છે તે ક્ષણ એક સાવધાન થઈ સાંભળશો એવી આશા છે. જે આપે હમણાં આદર્યું છે તે આપના કુળને અનુકુળ છે, શું તમારા પૂર્વજોની પુણ્યકીર્તિને ઉચિત છે, શું તમારા વંશની પ્રતિષ્ઠાને યોગ્ય છે, કે શું મોટા વંશરૂપ તળાવના હંસરૂપ આપનેજ તેમ ગમતું છે? જરા મનથી વિચાર કરો કે જે ઉંચા કૂળમાં ઉત્પન્ન થઈ આપજ જ્યારે કોઈ પણ કારણથી મહાજનોએ ચલાવેલો, પ્રથમ થયેલા દયાવાન્ પુરૂષોએ મૂકેલી સચ્ચરિત્રરૂપ કલ્પવૃક્ષની માળાથી સર્વ તાપને હરનારો, પગલે પગલે શોભિતાં શાસ્ત્રરૂપી સુધાના સરોવર વાળો, નજીકમાં માર્ગથી થાકેલા સર્વ લોકોને રેહેવા લાયક બ્રહ્મા, વિષ્ણુ ને મહાદેવના ચરણની ધર્મશાળાવાળો, તડકાવગરનો, ઉદ્વેગવિનાનો, જેમાં ચોરોની શંકા

નથી, જેમાં કલ્યાણરૂપ પાણી છે, જેમાં કલ્યાણરૂપ છાયા છે, અને કલ્યાણરૂપ જેનો વાસ છે, એવા સારા માર્ગને મેલી દઇને છાયાવગરના, કાંટાવાળા, ચોરોની બીકવાળા, વિદ્વાનોએ ત્યાગ કરેલા, નીચ લોકોને સેવવા લાયક, અને પાણીવિનાના અવળા માર્ગમાં જ્યારે પ્રીતિવાળા થાશો, ત્યારે વિદ્વત્તા છેતરાણી, કુલિનતા હણાણી, શાસ્ત્રના ઉપદેશો વ્યર્થ થયા, અને ગુરૂના પ્રસાદો પણ નિષ્ફળ ગયા. જ્યારે આમ થશે ત્યારે કોણ બીજા વિદ્વાન્ છે, કોણ બીજા કુળવાન્ છે, કોણ બીજા વેદ શાસ્ત્ર ને પુરાણને જાણે છે, અને કોણ બીજા ગુરૂના અત્યંત પ્રસાદથી સંપૂર્ણ તમારા સરખા છે, કે લોકોમાં વખાણવા લાયક સન્માર્ગમાં પ્રીતિવાળા થાશે.' વ્હાલાનાથ! જ્યારે ઘણા જન્મે દુર્લભ મનુષ્ય દેહ પામીને, વિશ્વના હિતરૂપ, વિશ્વના સુ-

સ્વરૂપ, અને વિશ્વના ઉપકાર કરવામાં ચતુર સન્માર્ગનો આશ્રય નહિ કરિયે ત્યારે શું જન્મથી, શું જીવિતથી, શું ધનથી, શું ધામથી, શું ગુણથી, અને શું નામથી? એ બધાં નિષ્ફળ.' એ રીતે સ્નેહથી, સરલતાથી, હાથ જોડી પ્રેમસહિત, ઘણા અર્થવાળાં કોમળ અને સરલ વાક્યોથી, ઘણી પ્રાર્થનાએ પ્રાણનાથને સારા માર્ગમાં લાવે છે; તો પણ મનમાંથી જરાએ અભિમાન લાવતી નથી. તેમજ સાસુ-સસરાને જેણે તીર્થરૂપ કરેલ છે, પોતાના પ્રાણનાથના આર્યભાઇઓને જેણે પિતારૂપ કરેલ છે, દેરોને જેણે દીકરારૂપ કરેલ છે, નણંદોને જેણે પુત્રીપ્રમાણે રાખેલ છે, અને પોતાના પ્રાણનાથ એજ જેને દૈવત છે, તેજ સતી, તેજ પતિવ્રતા, તેજ કુલવાન કન્યા, તેણેજ બેય કુળનો ઉદ્ધાર કર્યો, તેણેજ સારરહિત સંસારને સારરૂપ કર્યો; તેણેજ આ પૃ-

થવીને પવિત્ર કરી અને તેણેજ મનુષ્યલોક દેવતાઓને વખાણવા યોગ્ય કર્યો. પ્રિયસખિ નર્મદા! તું પણ તેવી સતીઓમાં પ્રથમ થઈ છે. પોતાના પ્રાણનાથના ચરણકમળમાં બાંધેલા, સીમા વગરના સ્વાભાવિક નિરૂપમ પ્રેમથી, કેને કેને વંદવા યોગ્ય નથી, કેને માનવાયોગ્ય નથી, કેને વખાણવા યોગ્ય શીલવાળી નથી, કેને ઇચ્છા કરવાયોગ્ય આચારવાળી નથી, કેને પૂજવા યોગ્ય ચરણવાળી નથી, કેને વર્ણવવા યોગ્ય વૃત્તાંતવાળી નથી, અને કેને પ્રાર્થના કરવા યોગ્ય પ્રસાદવાળી નથી'? એમ કહી ત્રિલોકીનો આપત્તિથી ઉદ્ધાર કરવામાં ધુરંધર અનસૂયા બોલતાં રહી ગયાં ત્યારે પોતાનાં વખાણ સાંભળી શરમાયેલાં નર્મદા નીચું મોં કરી હળવેથી બોલ્યાં કે 'માતા! સર્વ જગતનાં જનનિ! પોતાના શુદ્ધ પાતિવ્રત્યના પ્રભાવથી

ત્રિલોકીને પવિત્ર કરનારાં ભગવતિ અનસૂયા! આપ જેવાં સતીજનોના ચરણની રજરૂપ આ દાસીને શું આવી રીતે ઉંચી ચડાવો છો? આપસરખાં ચૌદે ભુવનનાં આભૂષણરૂપ સદાચરણવાળાં સતીજનોમાં, બેસવાને, બોલવાને, પુછવાને અને પ્રત્યુત્તર કરવાને આ બિચારી[1] કોણ માત્ર છે? બીજું તો પછી પણ પ્રથમ આપના ચરણકમળને જોવાનો પણ આ તમારી દાસીને અધિકાર નથી; માટે આજ મારાં કયાં સત્કર્મથી કરૂણાવાળાં દેવીએ દર્શન દઈ આ દાસીઉપર અનુગ્રહ કર્યો? એ હું જાણતી નથી. અથવા કારણ વગર જણાતી વાલપવાળાં આપનું નિમિત્તવગરનું સ્વાભાવિક ઉત્તમ દયાળુપણું એજ એક આ ઠેકાણે કારણ જણાય છે. માતા! આપનાં ચ-

---

૧ નર્મદા પોતાની હલકાઈ બતાવવા 'આ બિચારી' એવું કહે છે.

રણકમળનાં દર્શનથી મારૂં આ જન્મ અને જીવિત સફળ થયું. સુર, અસુર, સિદ્ધ, ગંધર્વ અને નાગની નારિઓને જેનું દર્શન દુર્લભ છે, દેવતા, સિદ્ધ અને મુનિના મંડળને વંદવા યોગ્ય જેનું પાણી છે, સર્વ પતિત લોકોને જે પાવન કરનારી છે-અને જેના મોટા તરંગો છે, એવી ગંગા, યમુના, સરસ્વતી અને નર્મદા-આદિ પવિત્ર નદિઓ પણ જેને મળવાની ઇચ્છા રાખે છે, એવાં આપ ભગવતી મારૂં ઘર શોભાવો છો એથી બીજો શું વર્ણવું મારા ભાગ્યનો વૈભવ? એથી બીજું શું આનંદ દેનારૂં છે? એથી બીજું શું સ્વર્ગમાં સારૂં છે? હું જાણું છું કે આજ મારાં પૂર્વજન્મમાં વાવેલાં પુણ્યરૂપ પારિજાતકનાં વૃક્ષ પ્રફુલ્લિત થયાં અને આ ઘણા કાળથી કરેલી પ્રાણનાથની પૂજારૂપ મંજરી ફળવાળી થઈ. અથવા દીન દાસી ઉપર બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ આદિ

દેવતાઓ પ્રસન્ન થયા કે આપનાં આજ દર્શન થયાં. દેવિ ! દર્શનથીજ જેણે જીવિતનું ફળ આપેલછે, પ્રથમ પધારી જેણે ઘર પવિત્ર કરેલ છે, સારો ઉપદેશ દેવાથી જેણે આ લોક અને પરલોકના કલ્યાણની સંપત્તિ આપેલ છે, એવાં આપ ભગવતીની હું શું પ્રતિક્રિયા કરૂં ? અસુર અને દેવતાઓની સ્ત્રિઓના મુગટોથી પૂજાએલાં પદકમળવાળાંને હું શું પૂજન કરૂં? બૃહસ્પતિ અને શુક્રાચાર્યઆદિ મોટા મુનિયોએ સ્તુતિ કરેલાંને હું શું સ્તુતિ કરૂં ? વ્યાસ અને વાલ્મીકિ આદિ આદિકવિયોએ વર્ણવવા યોગ્ય પુણ્ય ચરિત્રવાળાંને હું શું વર્ણવું ? એ રીતે ઘણી વારથી વિચાર કરૂં છું તોપણ આપને પૂજવાને, સ્તુતિ કરવાને અને વર્ણન કરવાને પાર પામતી નથી; માટે વારંવાર પ્રણામરૂપી પુષ્પોની માળા અર્પણ કરૂં છું. એજ મારૂં પૂજા કરવાનું સામર્થ્ય છે.

દેવિ! આપનું દર્શન થયું ત્યારથી આ દાસી વેચાએલ હૃદયવાળી છે એમ જાણવું. આપ જો મારા યોગ્ય આજ્ઞા કરી અનુગ્રહ કરશો તો મારા સરખી બીજી કોઈ પણ ત્રણે ભુવનમાં ભાગ્યશાળી થાશે નહીં.' એમ કેહેતાં હાથ જોડી ઉભેલાં નર્મદાને બૃહસ્પતિની પ્રાર્થનાને પૂર્ણ કરવાને ભગવતી અનસૂયા બોલ્યાં કે 'પુત્રિ! અતિ મેહેનતથી ઘણું થયું. જો કદિ મારા કરેલા ઉપકારનો પ્રત્યુપકાર એટલે ઉપકારનો બદલો કરવાને ઈચ્છતી હો, જો મારી આવવાની મેહેનત સફળ કરવા ચાહતી હો, અથવા મને પ્રસન્ન કરવાને ચાહતી હો તો આ એકજ સેહેલો ઉપાય છે, કે,--

પુષ્પિતાગ્રા છંદ.

સુરજ ઉદય થાય આલિ આ જે,
પ્રિયસખિ! અસ્ત કરેલ નાથકાજે;

દિન ઉદય વિના દુખી ત્રીલોકી,
અતિ મન રાજિ થજે સુખે વિલોકી.

પુત્રિ! એજ મારી પૂજા છે, એજ મારો સત્કાર છે અને એજ મારા ઉપકારનો બદલો છે કે જેથી સૂર્યના ઉદયવિના આ પ્રાણિયોને ઉત્પન્ન થયેલા તાપની શાંતિ થશે.' એ અનસૂયાનાં વાક્યો સાંભળી નર્મદા બોલ્યાં કે 'દેવિ! માંડવ્યમુનિના શાપથી મારા પતિનું અમંગળ[1] થાય તેમ હતું તેથી મેં સૂર્યદેવને ઉગતાં અટકાવ્યા છે; હવે જે આપ કહો તે મારે પ્રમાણ છે.' નર્મદાનાં એ વચનો સાંભળી ફરીને અનસૂયા બોલ્યાં કે 'પુત્રિ! એવી મોટી આપત્તિને પણ અંગીકાર કરી ત્રણે લોકોના ઉદ્ધારમાં ઉદ્યમ કરનારી થઇશ તેથી તને કાંઇપણ આપત્તિ આવશે નહીં. ને કદી આ-

---

૧ મરણ.

વશે તો મારા પતિપદની પૂજાના પ્રભાવથી તારા પ્રાણનાથને જીવતા કરીશ એમ તું નિશ્ચય જાણ. હવે ત્રિલોકીના નયનરૂપ, કમળના કુળની મિત્રાઈ રાખનાર અને ત્રિલોકીની તંદ્રાને હરનાર સૂર્યદેવને ઉગવા દે, એવી મારી આજ્ઞા છે.' એવી રીતે આજ્ઞા કરી કે તરતજ ઉંચું જોઇ હાથ જોડી નર્મદા સ્તુતિ કરવા લાગી કે, 'હે ત્રિભુવનના શિરોમણિ! હે ભવગાન્ દિનમણિ! હે સર્વ લોકના સાક્ષી! હે દીનબંધુ! હે અનાથના નાથ! આપ આ મારી દીન અનાથની પણ પ્રાર્થના સાંભળીને આજસુધી મારા પ્રાણનાથના પ્રાણની રક્ષા કરવા માટે ઉગ્યા નહીં, એ આપનું ત્રણે વેદમાં વિખ્યાત કીર્તિવાળા ભગવાનનું હદ વગરનાં દયાળુપણાનું વર્ણન કરવા હું બિચારી કોણ માત્ર! હમણાં એટલીજ પ્રાર્થના કરૂં છું કે ત્રણે ભુવનના અભયને માટે ફરી પાછા હવે

આપ ઉદય થાઓ.' એવું બોલી પ્રણામ કર્યા કે તરતજ તે સમયે,—

પુષ્પતાગ્રા છંદ.

સુરજ અભય આપનાર સૌને,
ઉદય થયા ઉદયાચળેજ જેવા;
તરત તિમિર સાથ કૌશિકે તે,
નિજ પ્રિયપ્રાણ તજ્યા તમામ તેવા.

આ સમયે પોતાના પ્રાણ પતિને પ્રાણ-વગરના જોઇ 'હા નાથ! હા હૃદયદયિત! હા જીવિતેશ્વર! મારો ત્યાગ કરીને આપ એકલા ક્યાં પધારો છો? જરા વાર રોકાઓ. હું હ-મણાજ આપની સાથે આવું છું.' એમ નર્મ-દાએ દયા ઉપજાવે એવીરીતે અત્યંત વિલાપ કરવા માંડ્યો ત્યારે અનસૂયા દેવી ધારણા આપી તેનો હાથ ઝાલી બોલ્યાં કે, 'પ્રિય પુત્રિ! બીજાં જપ તપ આદિ કર્મોથી તો શું પણ મારા પ્રાણનાથની પૂજાના પ્રતાપથી જો મને કાંઈ

પણ બળ મળેલું છે તો હમણાંજ તું તારા પતિને સજીવન દેખીશ; માટે તું શોક નહીં કર.' એવી રીતે તેને શાંત પાડી બોલ્યાં કે, 'જો રૂપથી, શીલથી, બુદ્ધિથી અને વાણીની મીઠાશથી મારા પ્રાણનાથને પ્રસન્ન રાખ્યા હોય તો એજ મારા સત્યથી આ બ્રાહ્મણ યુવાન્ અને રોગરહિત બની જીવતો થઈ તેની સ્ત્રીનીસાથે હજારો વર્ષસુધી સુખ ભોગવો. જો મારા સ્વામીનેજં એક દૈવત માનતી હોઉં તો ફરીને આ બ્રાહ્મણ રોગરહિત જીવતો થાઓ. જો મન, વચન, અને કર્મથી મારા પતિની પૂજામાં પ્રેમથી ઉદ્યમ કરતી હોઉં તો આ બ્રાહ્મણ સજીવન થાઓ.' આવાં અનસૂયાના અંતઃકરણનાં પ્રતિજ્ઞાનાં વાક્યોથી તે કૌશિક બ્રાહ્મણ ચળકતાં સોનાં જેવી કાંતિવાળો, અતિ શોભાયમાન, તરૂણવયવાળો, પોતાની કાંતિથી ભુવનને શોભાવતો, અનસૂ-

યાદેવીના ચરણકમળમાં ભમરાની પેઠે આ-વીને પડચો. તરતજ, 'દીકરા! ઘર, બાર, પુત્ર, કલત્ર અને મિત્રાદિકનાં સુખ ભોગવતો નિરંતર જીવતો રહે;' એવી રીતે તેણે આશીર્વાદ આપ્યો. ત્યાર પછી પારિજાતનાં પુષ્પોની વૃષ્ટિ કરી પગે લાગતા દેવતાઓ બોલ્યા કે, 'માતા! આપે અમારો બહુ ઉપકાર કર્યો માટે વરદાન માગો.' આવું સાંભળી અનસૂયા બોલ્યાં કે,—

અનુષ્ટુપ્.

'બ્રહ્માઆદિ બધા દેવો, જો પ્રસન્ન થયા મને;
તેમ જો 'વર' દેવાને, યોગ્ય હું સહુને મને.
હરિ, હર અને બ્રહ્મા, પુત્ર તો થાય માહરે;
યોગ પામું પતિ સાથે, કલેશની મુક્તિ કાજ રે.'

એવીરીતે વરદાન માગ્યું અને બ્રહ્માદિક દેવતાઓએ તેની માગણી પ્રમાણે પુત્રપણું અંગીકાર કર્યું. એમ વર્ણન કરનારા મહામુનિ

માર્કંડેયે શું શું અનસૂયાના મહાત્મ્યનું વર્ણન નથી કર્યું?

આ ઠેકાણે આપ મારી બેહેનોજ વિચાર કરો કે ક્યાં એ અતિ નિંદવાલાયક વિષકન્યાપણું! અને ક્યાં સર્વ લોકની સતીઓના મુગટરૂપ ગુણવાળાં અનસૂયાએ પણ વખાણવા યોગ્ય પતિવ્રતાપણું! નર્મદા, જો એ પતિચલ પોતાના પતિની પૂજા ન કરત તો જપ, તપ, સ્વાધ્યાય, ઇશ્વિરપૂજન, દાન, ધ્યાન, દયા, દમ અને શમ એ આદિ હજારો ઉપાય કરત તોપણ પુણ્યકીર્ત્તિનાં પાત્રપણાને પામત નહીં એમ નિશ્ચય જણાય છે.

ભગવતી અનસૂયાએ પણ પોતાના પ્રાણનાથના પદની પૂજાથી કેવા કેવા ઉદયો મેળવ્યા છે તે તમે સાંભળ્યું; અને અનસૂયાએ જેમ જેમ પોતાના પ્રાણનાથના પદકમળની પૂજા કરી તેમ તેમ સર્વ લોકના લોકપાળને

વખાણવા લાયક પરમેશ્વરોને (બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવને) પણ માનવા યોગ્ય થયાં તે પણ સાંભળ્યું. કેવીરીતે પોતાના સ્વામીને વિષે, કેવીરીતે માતાને વિષે, કેવીરીતે તેના પિતાને વિષે, કેવીરીતે તેના મોટા ભાઇઓને વિષે, કેવીરીતે નણંદોને વિષે, કેવીરીતે દેરની નારીઓને વિષે, કેવીરીતે ગુરૂની સ્ત્રિયોને વિષે, કેવીરીતે પ્રાણનાથના સુહ્રદ સંબંધી બાંધવોને વિષે, કેવીરીતે તેની સ્ત્રિઓને વિષે, કેવીરીતે તેના બાળકોને વિષે અને કેવીરીતે તેની વહુને વિષે વર્ત્તવું; એ ત્રણ ભુવનમાં પ્રખ્યાત, અતિ પતિવ્રતાપણાના પ્રભાવવાળાં, અને ત્રણે દેવને દીકરારૂપ કરનારાં અત્રિઋષિનાં પત્ની અનસૂયાએજ દેખાડી આપ્યું છે.

પ્રિય બેહેનો! જો આ મજ્જા, મેદ, માંસ, લોહી, હાડકાં, મળમૂત્ર, અને પરૂઆદિએ ભ-

રેલા અપવિત્ર, બીહામણા, ક્ષણભંગુર દેહથી, મૃત્યુથી ન મરે, વૃદ્ધપણે ન ઘટે, રોગથી ન રોકાય, સ્વપ્નમાં પણ વળીપળીથી વિરૂપ ન થાય, એવાં ત્રણે લોકને વર્ણવવા યોગ્ય કોઈ અજાએબ યશરૂપ શરીરની ઇચ્છા કરતાં હો; જો દેવતાઓના જેટલું આયુષ્ય હોય તોપણ જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવાં કારણ વગર સ્નેહવાળાં, જીવતાં સુધી સંભારવા યોગ્ય ઉપકારવાળાં, માતાપિતા અને સાસુ-સસરાનાં કુળને સ્વર્ગના નિવાસના ઘણા આનંદથી ભરપુર કરવાને ચાહતાં હો; જો કલ્યાણના ઉદયની સિદ્ધિ માટે અથવા ચારે પ્રકારની મુક્તિ ભોગવવા માટે મરજી હોય; તો નિર્મળ મનથી, વચનથી અને શરીરથી પરમેશ્વરની પેઠે પ્રાણનાથને પૂજો; તેનાં માતાપિતાનાં ચરણની પૂજામાં દૃઢ તિર્થરૂપ બુદ્ધિ રાખતાં જાઓ; તેના મોટા ભાઇઓને પિતા

સમાન માનો; દેરોને પુત્ર સમાન દેખો; બાળક નણંદોમાં દીકરી સરખો સ્નેહ રાખો; મોટી નણંદોને સાસુની સમાન માન આપો; પોતાની બરોબર અવસ્થાવાળી સાસરાંના કુટુંબની સ્ત્રિયોને પોતાની બેહેન બરોબર ગણો; વાણીને વશ રાખો; મનને નિયમમાં રાખો; ક્રોધને કહાડો; પારકી નિંદાને પરહરો; મદને મારો; મત્સરને સમાવો;લોભને ભગાડો; કામને કાપી નાખો; પોતાના પ્રાણનાથના પગની પૂજામાં લોભ રાખો;પતિના ગુણ ગાવામાં વાચાળ થાઓ; તેના યશરૂપ અમૃત પીવાને તરષાં રહો; સદ્દગુણને માટે મરજી રાખો પણ નહીં ભૂષણોને માટે; ત્રિલોકીમાં વિખ્યાત શીલની ઇચ્છા કરો પણ નહીં ધનની કે માનની; હજારો વર્ષે પણ લોપ ન થાય એવી શોભાવાળાં યશરૂપ શરીરનું રક્ષણ કરો પણ નહિ શરીરનું; ઘણું તો શું પણ જે પોતાના

પ્રાણનાથનું આ લોકમાં અને પરલોકમાં કલ્યાણના ઉદયને કરનારૂં અને વહાલું હિત હોય, તેજ કરો, તેજ બોલો, તેજ ચીંતવો, તેજ સ્મરણ કરો, તેનોજ આશ્રય કરો, તેનેજ ચાહતાં રહો, તેનેજ આદરો, તેનોજ આરંભ કરો, અને તેનેજ સાંભળો. સત્કુળમાં થયેલી સતીઓને જે એક મન, વચન, કર્મ ને કાર્યેથી નિમિત્તવગર સ્વાભાવિક સીમાવગરના અત્યંત પ્રેમવડે પ્રાણનાથના પદની પૂજા અને મન, વચન તથા આજ્ઞાને અનુકુળ રેહેવું, એજ દમ, એજ શમ, એજ ધર્મ, એજ યમ, એજ નિયમ, એજ જપ, એજ તપ, એજ તીર્થ, એજ ઈશ્વરપૂજન, એજ બેય લોકમાં સુખ કરનારૂં અને એજ બેય કુળને ઉદ્ધાર કરનારૂં છે. માટે આ સતીજનોનાં શિરોમણિરૂપ વિચિત્ર ચરિત્રવાળાં ભગવતી અનસૂયાનાં ચરિત્રો હૃદયરૂપ મંદિરમાં ચીતરીને

તેમાં પરમેશ્વરની પેઠે પોતાના પ્રાણનાથની પ્રતિમાની પ્રતિષ્ટા કરો; તેનાં ચરણની પૂજાના પ્રારંભ સાથે તેને પ્રિય ને હિત હોય તેવાંજ કામોને કરવા માંડો; તેથી સર્વ કલ્યાણના ઉદયની સિદ્ધિ થાશે. અને એજ આપ કુળવાન કન્યાઓનો ખરો ધર્મ છે. તથાસ્તુ.

इति श्रीपार्वतीपरिणयकथामनसूयाभ्युदयं नाम भाषणम्.

ભોગવતીભાગ્યોદય.

પ્રિય બેહેનો ! સર્વે શત્રુઓનો જીતનાર, વિદ્યા વિનય ઔદાર્ય અને દયાના સીમાડારૂપ વિજય એવે નામે એક પૂર્વદિશાનો રાજા હતો. તેને સર્વ દિશામાં વિખ્યાત કીર્ત્તિવાળા, વિનયથી ઉજ્વળ વિવેકવાળા અને ન્યાયના જાણનારા આઠ પુત્રો, અને રૂપની સંપત્તિથી સુર, અસુર, સિદ્ધ, ગંધર્વ, અપ્સરા અને નાગની કન્યાઓને હસી કહાડનારી પ્રવીણ ભોગવતી એવે નામે એક કન્યા હતી. તે બાળપણાથીજ પુરાણ, ઇતિહાસ, કાવ્ય, કથા, કથાનક, ચંપૂ, નાટક અને અલંકારને પૂર્ણ જાણતી હતી. ધર્મશાસ્ત્રના રહસ્યને સમજતી હતી. પરલોકનાં હિતરૂપ કૃત્ય કરવામાં તો પારંગત હતી. વિનયમાં

આચારમાં, નીતિશાસ્ત્રમાં અને સ્ત્રિયોના ધર્મમાં તો તે એક્કો ગણાતી. આ કન્યાનું વય મોટું થતું ગયું, તેમ તેમ તેના પિતા વિજયરાજને તેના લાયક વર ગોતવાની ચિંતા વધતી ગઇ. એક દિવસ સંધ્યાવંદન અને ઇશ્વરપૂજન કરી સભાના સિંહાસનઉપર રાજા વિજયરાજ બિરાજેલા હતા. તેના સિંહ સરખા આઠ પુત્રો સિંહાસનના આઠ પાયાનો આધાર લઇને બેઠા હતા. પોતપોતાનાં લાયક સ્થાનકો ઉપર સભાસદો બેસી ગયા હતા. એટલામાં છડિદારે હાથ જોડી વિનંતિ કરી કે 'મહારાજાધિરાજ! એક કોઇ પ્રસ્થાનપૂરના રાજાના પ્રધાનનો મોકલેલો દૂત દરવાજે ઉભો છે, અને તે આપનાં દર્શનની ઇચ્છા રાખેછે, જેવી આપની મરજી.' રાજાએ કહ્યું કે, 'પ્રતિહાર! આપણા રાજ્યની રીતિપ્રમાણે તેને અહિં બોલાવી લાવ.' આવું વચન સાંભળી

'જેવી આજ્ઞા' એમ કહી પ્રતિહાર તે દૂતને રાજસભામાં લઈ આવ્યો. તે દૂત દંડવત્પ્રણામ કરી બોલ્યો કે 'પ્રતિષ્ટાનપૂરના રાજાનો પરમ મિત્ર, પરમ સ્નેહી, બીજું હૃદય અથવા બીજો મૂર્ત્તિમાન પ્રાણ હોય તેવો મહામતિ એવે નામે વૃદ્ધ પ્રધાન પ્રતિષ્ઠાનપુરથી આપના દર્શનને વાસ્તેજ ચાલી ચુકેલછે. તે કાલે અથવા પરમદિવસે આપની સેવામાં હાજર થશે. આ ખબર આપવાને મને તેણે અગાઉથી મોકલ્યોછે.' આવું દૂતનું બોલવું સાંભળી વિજયરાજે 'આ માણસની સારી રીતે બરદાસ કરો. કારણકે તે ઘણો માર્ગ કાપીને અહીં આવેલ છે.' એવી આજ્ઞા કરી તે દૂતને અને પ્રતિહારને જવાની રજા આપી. પોતાના વૃદ્ધ અને રાજ્યનીતિમાં નિપુણ મેધાવી નામના મિત્રને બોલાવીને કહ્યું કે, 'પ્રખ્યાત અને પુરાતની પ્રધાન મહામતિ જે

અહિં આવવાના છે તે સર્વ પ્રકારે આપણે માન્ય છે માટે તેને તમે સામા જાઓ અને ઘણા માનથી તેને મારી પાસે લઇ આવો.' મેધાવી વિજયરાજની આજ્ઞા થવાથી તરતજ તેને સામા ગયા. પછી બીજે દિવસ સાયંકાળે તેને ઘણાંજ માનથી દરબારમાં લઈ આવી સભામાં આવી રાજા પાસે વિનંતિ કરી કે 'રાજાધિરાજ! આપે ગઇ કાલે જે પ્રધાનની સામે મને મોકલ્યો હતો તે પ્રધાન આજે આ સમયે રાજદ્વારમાં આવી પોચ્યા છે અને આપના ચરણકમળના દર્શનની આતુરતા રાખે છે: પછી આપની જેવી મરજી.' આવી રીતે પ્રધાન બોલી રહ્યા પછી રાજા વિજયરાજે તે મહામતિને સભામાં બોલાવી લાવવાનો હુકમ કર્યો કે જે હુકમથી તે પ્રધાન તેને માનની સાથે રાજસભામાં તેડી લાવ્યા. પ્રવીણ મહામતિ ઘણીજ નમ્રતાથી

અને સ્નેહથી રાજા વિજયરાજને પ્રણામ કરી, તેમની આજ્ઞાથી તેમની પાસેજ બેઠા. વિજયરાજે પુછયું કે 'પ્રવીણ મહામતિ ! આપ કુશળ છો ? આપના રાજા તો કુશળ છે ? તેનું રાજ્ય અને પ્રજા તો કુશળ છે ? તમે કયાં જાઓ છો અને કયાંથી આવો છો ? હજુ કેટલુંક દૂર જવાનું છે ? જો કદિ અહિંસુધીજ આવ્યા હો તો તે શું પ્રયોજનથી આવવું થયું છે ? તે સર્વ વાત નિઃશંક થઈ મને કહો.' આ પ્રમાણે રાજાનાં વચન સાંભળી હાથ જોડી માથું નમાવી પ્રધાન મહામતિએ પ્રાર્થના કરી કે 'મહારાજાધિરાજ ! આપના ચરણ-કમળનાં દર્શનથી હું કુશળ છું; પોતાના ભુ-જસ્તંભમાં સ્થાપેલી વિજયલક્ષ્મીના પ્રતા-પથી મારા મહારાજા પણ કુશળ છે; અને તેમની નિર્મળ નીતિથી પ્રજા અને રાજ્ય તો કુશળ હોયજ; એમાં આશ્ચર્ય શું ? હું આંહીંજ

આપની પાસે આવ્યો છું અને તે આવવાનું કારણ છે એ હું હવે પછી નિવેદન કરૂં છું તે ધ્યાનમાં લેશો.

આપ જાણોછો કે સર્વ શત્રુઓના જીતનાર અમારા રાજા શૂરસેનને સર્વ શાસ્ત્રોમાં કુશળ, વિદ્વાન્, કોઈ દેવજ જાણે અવતરેલ હોય તેવા, સર્વ સદ્ગુણના સાગર નાગરાજ એવે નામે સર્વ ભોગી લોકોના આભૂષણરૂપ મહા ભોગવાન્ કુમાર છે. આ કુમારને રૂપ, ગુણ, શીલ, વિદ્યા અને વિનયથી આપનાં પ્રિય પુત્રી ભોગવતીજ લાયક છે એમ વિચારી તેનું માગું કરવા વાસ્તે મહારાજ શૂરસેને મને આપની પાસે મોકલ્યો છે. એટલુંજ નહિ પણ તેને વિદ્યાભ્યાસ કરાવવા વાસ્તે એક વિદ્યાલય કરી તેમાં તેને રાખેલ છે કે જ્યાં કેવળ તેના વિદ્યાગુરૂઓવગર કોઈથી જવાતું નથી. તેના ગુરૂઓનો એવો મત છે કે વીશ વર્ષ સુધી

તેને અમે વિદ્યાલયની બહાર નહીં મોકલિયે. તે વાત મહારાજ શૂરસેને અંગીકાર કરી છે. આંહી ભોગવતીનો વિવાહ સમય છે તેથી તે મહારાજાનો, મારો અને અનેક વિદ્વાનોનો એવો મત છે કે ક્ષત્રિઓએ ખડ્ગ સાથે વિવાહ કરવો, કારણ કે બ્રાહ્મણો અને ક્ષત્રિઓ સત્યજ વાણી બોલે છે. માટે ખડ્ગ સાથે અથવા અલંકાર સાથે વિવાહ કરવો એવું પણ તેનું કેહેવું છે: પછી આપની જેવી મરજી.' આ પ્રમાણે તેણે વૃદ્ધ અને પ્રમાણિક પ્રધાનના બોલવા ઉપર આધાર રાખી તરત તે નાગરાજના ખડ્ગ સાથે પોતાની પ્રિય પુત્રી ભોગવતીનો વિવાહ કર્યો; અને અમૂલ્ય રત્નોના અલંકાર, હાથી, ઘોડા, પાલખી, દાસ અને દાસીઓ ઇત્યાદિ દીકરીને આપ્યાં. ત્યારપછી માતાપિતાની અમૂલ્ય શીખામણ લઈ ભોગવતી તે ખડ્ગના રથમાં બેસીને પોતાના

સસરાને શેહેર આવ્યાં. રાતદિવસ એક માસ ગયો, બે માસ ગયા, ત્રણ માસ ગયા, વર્ષ ગયું અને હવે મારા પ્રાણનાથને પાઠશાળામાં રેહેવાનાં બાકી બેજ વર્ષ છે, એમ વિચાર કર્યા કરેછે અને પોતાના પતિના માતાપિતાને પરમેશ્વરરૂપ ગણીને તેની પૂજા કરેછે.

એક દિવસ પોતાના પતિની ધાવ્યને પોતાના રાજ્યદ્વાર સમીપ આવતી જોઇને તેને માન આપવા વાસ્તે પોતે ઉભી થઇને બેચાર પગલાં સામી ચાલી તેને બેસાડીને બોલી કે 'માતાજી ! તમે ભલે પધાર્યાં. આજ ધન્ય ઘડી અને ધન્ય દિવસ કે આપનું આહીં પધારવું થયું અને કૃપાથી આપે મારી સંભાળ લીધી. મારા લાયક કામ હોય તો નિઃશંક થઈ કહો તે હું તરત કરીશ.' ભોગવતીનાં આવાં વચનો સાંભળીને ધાવ્ય બોલી કે, 'પુત્રિ તમારે ત્યાં મારે આવવું તે કાંઈ નવાઈ જેવું નથી

તોપણ આજ કાંઈ જુદાં કારણને માટેજ હું આવી છું; અને તે એજ કે કાંઈ તમને કેહેવું છે.' ભોગવતીએ કહ્યું કે 'ખુશીથી આપને જે કેહેવાનું હોય તે કહો.' ધાવ્યે કહ્યું કે 'પુત્રિ! હું કહુંછું. તમે સાંભળતાં જરા ધીરજ રાખજો.

આ અસાર સંસારમાં ઉતરેલ માણસને પોતાનાં કર્મપ્રમાણે સુખ અને દુઃખ મળી આવેછે, માટે સુખમાં રાજી ન થવું અને દુઃખમાં ખેદ ન કરવો, એજ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.' આવાં વચન સાંભળી ભોગવતીના મનમાં એવો ભય લાગ્યો કે રખેને પાઠશાળામાં રહેલા મારા પ્રાણનાથનું કાંઈ અહિત થયું હોય! તેણે કહ્યું કે 'માતા! જે તમારે બોલવાનું હોય તે તરત બોલો, મારૂં મન ઘણું મુંઝાય છે, કારણ કે મારા મનમાં લાખો શંકા ઉત્પન્ન થાયછે.' ધાવ્યે જવાબ દીધો કે 'પુત્રિ! હું ઘણી બોલવાને ઉતાવળ

કરૂંછું પણ શું કરૂં કે મારી જીભજ ઉપડતી નથી તેથી લાચારછું' એમ કહી આંખમાંથી આંસુ પાડવા લાગી. આ ઉપરથી ભોગવતી-એ, નકી મારા પતિવિષે કાંઈ નઠારો સંદેશો લાવેલ છે એમ જાણ્યું, તેથી બોલી ઉઠી કે, 'બાઈ, હવે તમારે કેહેવાનું કાંઇ જરૂર નથી. જે કેહેવાનું છે તે હું સમજી ચૂકીછું. અહો દૈવ ! ધિ:કાર છે તારા અવિવેકને કે તેવા વિદ્વાનોમાં રત્નસરખા રાજકુમારને આ સંસારમાંથી ચોરી જતાં કાંઇજ તને શરમ ન લાગી. હાય હાય !! હવે જીવીને શું કરવું!!' એમ કેહેતાંવેંત ભોગવતી પૃથ્વી ઉપર પડી ગઈ. તરત ધાવ્યે નજીક આવીને કહ્યું કે 'પુત્રિ ભોગવતિ ! ધીરી થા, ધીરી થા. જેવી તું તારા પતિવિષે શંકા લાવે છે તેવી કાંઇજ નથી. તે તો ચિરંજીવી બેઠા છે. જરા મન સ્થિર રાખીને મારી વાત તો સાંભળ.' આવાં

વચનો સાંભળી ભોગવતીની મૂર્છા ઉતરી અને સાવધાન થઈ એટલે ફરીને ધાવ્યે કહ્યું કે, 'જે રાજકુમારની સાથે તમારૂં લગ્ન થયું છે તે રાજકુમાર નથી પણ એક નાગ છે. તેણે વારંવાર રાજાને પોતાના વિવાહ વાસ્તે કેહેવા માંડયું તેથી નાગને કોણ દીકરી આપશે? એમ જાણી રાજા શૂરસેન ચિંતામાં પડયા. ત્યારે તેના બુદ્ધિવાન્ પ્રધાને ખડ્ગ સાથે વિવાહ કરવાનું નિમિત્ત કરી તમારા બાપ પાસેથી તમને અહીં લાવેલ છે. હવે તેજ નાગ એમ કહેછે કે સ્ત્રી અહીં મારી સેવામાં રહે. આપ જેવાં કોમળ શરીરવાળાં રાજકન્યાને એ ભયંકર નાગની પાસે મોકલતાં તમારા સસરાને અને સાસુને સારૂં લાગતું નથી, તેમ નાગ, નિરંતર તેજ વાતની હઠ લઈ બેઠો છે તેથી તે બેય તમને કેહેતાં શરમાય છે એટલે આ વાત મારી પાસે કેહેવરાવે છે. હવે

જેવી આપની ઈચ્છા'. આટલું બોલી ધાવ્ય બોલતી રહી ગઈ. તે સાંભળતાં ભોગવતીની આંખોમાંથી શોકના આંસુ સુકાઈ જઇને હર્ષનાં આંસુ પડવા લાગ્યાં અને બોલ્યાં કે, 'અરે! એમાં શોક જેવું શું છે? મારા જેવાં કોઇનાં ભાગ્ય નહિ. એક માણસની પુત્રીને નાગ જેવા દેવ પતિ મળ્યા, પછી ભાગ્યમાં શી ઓછ રહી? આ સારા સમાચાર આપ્યા તેના બદલામાં હું તમને મારાં બે જડાવ ઝાંઝર ઈનામમાં આપું છું. પણ હવે તમે મુને તરત તે મારા પ્રાણનાથ પાસે તેડી જાઓ તો તમારો ઉપકાર હું ભુલીશ નહિ.' એમ કહી ધાત્રી સાથેજ ભોગવતી પોતાના પતિના રેહેવાના મેહેલમાં ગયાં. ત્યાં એક સ્ફાટિકમણિની શય્યાઉપર નાગ તેના જોવામાં આવ્યો. તેને એક પરમેશ્વરરૂપ ગણી ભોગવતીએ પ્રણામ કર્યા અને ચંદન, પુષ્પ આદિથી તેની

પૂજા કરી. પછી ચાર ચાર દિવસે નિત્ય પૂજા કરે, પોતાના ખોળામાં લઈ તેને દૂધ પાય અને કોઈ પ્રકારનો મનમાં ભય ન રાખે. એમ કરતાં કેટલાક દિવસો નીકળી ગયા પછી એક દિવસ નાગ મનુષ્યની વાણીથી ભોગવતીને કેહેવા લાગો કે 'અરે કોમળ રાજપુત્રિ! તમે આવાં કોમળ અને બાળક છતાં રાત-દિવસ પાસે રહેતાં ભય નથી પામતાં એ શું!' ભોગવતીએ હાથ જોડી ઉત્તર આપ્યો કે, 'મહારાજ! ઇશ્વરથી ભય શા માટે પામવો જોઇએ?' નાગે કહ્યું કે 'હું ઇશ્વર નથી પણ પ્રાણીના પ્રાણ લેનાર એક ભયંકર નાગ છું; માટે મારાથી કેમ ભય ન થાય?' ભોગવતી બોલ્યાં કે, 'ખરૂં, આપ સમગ્ર વિશ્વના ઇશ્વર નથી પણ મારા તો ખરેખર આપજ ઇશ્વર છો, એટલે મારે કાંઇ ભય પામવાનું નથી.' નાગે પુછયું કે 'આવું જ્ઞાન તમે ક્યાંથી

મેળવ્યું?' ભોગવતી બોલ્યાં કે 'માહારાજ! મારા ગુરૂની સ્ત્રી જે મુને ભણાવતાં તેણે શાસ્ત્રમાંથી શીખવેલ છે.' નાગે કહ્યું કે 'એમ છે ત્યારે સ્ત્રિઓએ બાળપણાંથી તે વૃદ્ધ થાય ત્યાં સુધી શી રીતે વર્ત્તવું? તે મુને સંભળાવો તો સારૂં.' ભોગવતી બોલ્યાં કે 'આપની ઇચ્છા હોય તો હું તે કેહેવાને આપની સેવામાંજ છું, સાંભળો.—

અમે બધા વિષયો જ્યારે ભણી રહ્યાં ત્યારે એક દિવસ અમારાં દયાળુ ગુરૂસ્ત્રી અમારી પાસે આવી કેહેવા લાગાં કે,—દીકરીઓ! હવે તમારી મોટી અવસ્થા થઈ છે, તો ઘણું કરી તમારાથી આ પાઠશાળામાં અવાશે નહિ. હવે તમારે કર્ત્તવ્ય જુદુંજ કામ છે, માટે તમને તમારો જે ખરો ધર્મ છે તે હું બતાવું તે એકાગ્ર ચિત્તથી સાંભળજો. બાળક દીકરીઓએ પોતાની દસ વર્ષની વય

થાય ત્યાંસુધી પાઠશાળામાં નિરંતર ભણવા જવું અને ત્યાં પોતાના ગુરૂને માબાપરૂપ ગણવા. ત્યાં નીતિવાળાં ગીતો શીખવાં. વિચિત્ર પણ પવિત્ર બોલવા શીખવું. કાવ્ય કોશ, અને કવિતાના અર્થ શીખવા. એવી રીતે આખો દિવસ વિદ્યાભ્યાસમાં કાહાડવો. ત્યારપછી ગુરૂની રજા લઈ ઘેર આવતાં માર્ગમાં કજિયો કે ક્લેશ કરવો નહીં. તેમ કારણવિના માર્ગમાં રોકાવું પણ નહીં. ઘેર આવી પ્રથમ પોતાના પિતાને પ્રણામ કરી આખા દિવસનો પોતાનો અભ્યાસ બતાવ્યા પછી માતા પાસે જઈને તેને પ્રણામ કરવા. ચિત્રકામમાં એવો અભ્યાસ કરવો કે તે જોતાં માણસ ચિત્ર જેવું થઇ જાય. તેમજ સારાં કુળની કન્યાએ ગીત એવા આકારથી ગાવું કે જે ગીતનો એકપણ શબ્દ માણસ સાંભળે તો તે ગીતના રસનો આવેશ તેના મનમાં આવી

જાય. ભાષણ કરવાં તો વિવેકવાળાં, નીતિવાળાં, કુળધર્મવાળાં, પ્રેમવાળાં અને જેથી દુર્જનોનાં મુખ બંધ થાય તેવાં કરવાં. જેમ દુર્જનો આપણને હસે નહિ, સજ્જનો આપણથી ઉદ્વેગ પામે નહિ અને સભા આખી હર્ષ પામે તેવા પ્રકારનાં ભાષણો કરવાં. ઉત્તમ કાવ્યો શીખવાં અને તેમાં જે અર્થો હોય તે પ્રમાણે વર્ત્તવું. જે કાંઈ કાવ્યમાં ત્યાગ કરવા જેવું લાગે તેનો ત્યાગ કરવો. સીતા, પાર્વતી, રૂક્મિણી અને લક્ષ્મી ઇત્યાદિ મહાસતીઓનાં ચરિત્રરૂપી ચિત્રોથી શોભિતાં પોતાનાં હૃદયરૂપ મંદીરમાં સરસ્વતીને રાખવાં. ઉત્તમ સ્ત્રિયોનાં સુંદર ચરિત્રો જોવાં, સર્વ સારી કળાઓ શીખવી, સારા ગુણરૂપ ઘરેણાંથી શરીર શોભાવવું, અને વિનયરૂપી કલ્પવૃક્ષને સેવવું. કોમળ, સરલ, મનોહર અને આનંદ આપનાર કવિતા, વિવાહની પે-

હેલાં ઈશ્વરને પ્રસન્ન કરવા, અને વિવાહ પછી પોતાના પતિરૂપ ઈશ્વરને પ્રસન્ન કરવા રચવી. જોનાર માણસને રાજી કરે એવા અક્ષરો લખતાં શીખવું. પોતાની સખિઓને ઉત્તમ ઉપદેશ આપવો. આવી રીતે દશ વર્ષ સુધીમાં પોતાના પિતાને ઘેર રહી સર્વ ગુણો શીખવા. ત્યારપછી વિવાહ થયો કે મન, વચન, અને કર્મથી ઇષ્ટદેવની પેઠે પોતાના પ્રાણનાથની પૂજા કરવી. પ્રાતઃકાળમાં પોતાનાં માબાપ સરખાં સાસુ-સસરાને પ્રણામ કરવા. ઘરનું સર્વ કામ કરવું. નણંદ સાથે ઘણા સ્નેહથી વર્ત્તવું. પ્રથમ સાસુને, સસરાને, જેઠને, પોતાના પતિને તથા દેરને જમાડીને તથા બીજાં પણ જે જે માનવા લાયક માણસ હોય તેને જમાડી પછીથી પોતાની સમવયની સ્ત્રિયો-સાથે સ્નેહથી જમવું. કોઈપિણ શ્રમ પડે તેવાં કામમાં માન્ય સ્ત્રીને જોડવી નહિ. સા-

ચંકાળે પોતાનાં સાસુ-સસરાને પગે લાગવું. ઘરનું સર્વ કામ હર્ષથી કરવું. પોતાના પ્રાણનાથ પહોડયા પછી પોતે સુવું. પોતાના પતિ પાસે કોઈની નિંદા કે કોઈની દુષ્ટ વાતો કરવી નહિ; તેમ જેવી વાતો સાંભળવાથી દુર્યોધનની પેઠે પોતાના ભાઇઓને દૂર કરે તેવી વૃથા વાતો પણ પોતાના પતિપાસે ન કરવી. પોતાના પ્રાણનાથની આજ્ઞાથીજ સર્વ કામ ઘરનું કરવું પણ પતિનું હિત કરવામાં તથા તેની સેવા કરવામાં આજ્ઞાની વાટ ન જોવી. સારાં માણસોને કરવા યોગ્યજ કામ કરવાં; ને તેપણ પોતાના પતિની આજ્ઞાથીજ કરવાં. ઘરેણાં અને વસ્ત્ર પણ સારાં માણસને યોગ્ય લાગે તેવાં પેહેરવાં. લેશ પણ તેવું કામ ન કરવું કે જેની મોટાં માણસો નિંદા કરતાં હોય. સ્ત્રિયોને જપ, તપ, વ્રત કે તીર્થસેવન એ કાંઇપણ કલ્યાણકારક નથી; પરંતુ પોતાના

પ્રાણનાથની સેવા અને સન્માન એજ કલ્યાણકારક છે; એમ વિચારી પોતાના પ્રાણનાથની સેવા નિર્મળ મનથી કરવી. અને તેનું જે પ્રિય હોય તે પોતાના પ્રાણ જાતાંસુધી પણ કરવું. પોતાના પતિની આજ્ઞાવિના ઘરમાંથી એક પગલું પણ બહાર ન ભરવું. પોતાના સસરાના ચરણારવિંદની સેવામાં તીર્થબુદ્ધિ રાખવી. પોતાની .સાસુની નિર્મળ મનથી પૂજા કરવી. તેમજ નણંદોને પણ માન આપવું. દેરને દીકરા તુલ્ય ગણવા. પોતાના પતિના મિત્રને પોતાનો ભાઈ કે દીકરો હોય તેવો ગણવો. પોતાના પતિનાં સર્વ ગુરૂજનને પ્રેમપૂર્ણ મન રાખી પગે લાગવું.. એક પણ અક્ષર પોતાના પ્રાણ પતિને અપ્રિય લાગે તેવો ન બોલવો. જે બોલવું તે કોમળ વચનથીજ બોલવું. મન, વચન અને કર્મથી જે પોતાના પતિનું હિત હોય તે વિચારવું. અને તેનાં

આખાં કુટુંબને દાન, માન અને મનની સરલતાથી સંભાળવું. પ્રિય બેનો! આંહીં જે આપણો પતિ છે, જેનાથી આપણને સર્વ પ્રકારનું સુખ મળ્યું છે, જે આપણના પરમેશ્વરરૂપી છે અને જેના ચરણકમળની સેવામાં આપણું આ લોક અને પરલોકનું હિત રહ્યુંછે; તેજ આપણા પ્રાણપ્રિયને જેણે નવમાસ સુધી પોતાના પેટમાં ધારણ કરેલ છે, જેણે તેનું પાલણપોષણ કરી મોટા કર્યા છે, એવાં દયાળુ પોતાનાં સાસુની સેવા કર્યાવગર શું કુલીન સ્ત્રિયો સુખી થાય છે? કદિપણ નહિ. આ કારણથી પોતાના પતિનાં માતાની સેવા નિર્મળ મનથી કરવી. જો આ લોકમાં અને પરલોકમાં કલ્યાણની ઈચ્છા હોય તો સાસુનેજ તીર્થરૂપ ગણવાં. દીકરા અને દીકરીઓને નિસાળે મોકલવાં. જ્યારે તે નિશાળેથી આવે ત્યારે તેની પરીક્ષા લેવી. ત્યાર પછી

તેને હિતપદાર્થો ખાવાને આપવા. દીકરા અને દીકરીઓને પોતાના કુલની સારી રીતો શીખવવી. સારા ગુણરૂપી ઘરેણાથી તેને શણગારવાં. તમસરખાંને હવે ઘણું શું કહું? ટુંકામાં આપણો ધર્મ એજ છે કે પોતાના પતિની અને તેનાં કુટુંબની સેવા કરવી. એટલામાટે જ્યાંસુધી આપણા દેહમાં પ્રાણ છે ત્યાંસુધી આપણા પતિને આપણે પરમેશ્વર ગણવા અને નિર્મળ મનથી તેની સેવા કરવી; તેથી જગતમાં કલ્યાણ છે.

આટલો ઉપદેશ આપી અમારાં પરમ દયાળુ ગુરૂસ્ત્રીએ આપનાં હથિયારસાથે પરણવામાટે પાઠશાળામાંથી મને આજ્ઞા આપી. તે દિવસથીજ હું સારી રીતે જાણું 'છું કે સ્ત્રિયોને પોતાનો પતિ એજ પરમેશ્વર છે.' એટલું ભોગવતી બોલી રહ્યા પછી નાગરાજ બોલ્યા કે, "પ્રાણપ્રિયા! હું પૂર્વજન્મમાં રૂપથી

દેવવૈદ્યોને પણ હસી કહાડનાર વાસુકીનો પુત્ર હતો. એક દિવસ યમુનામાં ફરતો હતો, ત્યાં એક સૌભરી ઋષિ માછલાંનું કુટુંબ દેખી પરણવાની ઈચ્છા કરતા હતા; તે જોઈ મુને હસવું આવ્યું કે આવું કુરૂપ તથા આવી વૃદ્ધાવસ્થા છતાં ઋષિ પરણવાની ઇચ્છા કરે છે એ કેવી હસવાની વાતછે! આ ઉપરથી ઋષિએ મુને કોપ કરીને શાપ દીધો કે 'જા દુષ્ટ, તું પણ અતિ કરૂપડો થઈ જાઈશ અને સ્ત્રીના વિવાહની ઈચ્છા કરીશ.' ત્યારપછી મેં કેટલીક પ્રાર્થના કરી ત્યારે તેણે અનુગ્રહ કરી કહ્યું કે 'જા તારી સ્ત્રી પાસેથી તું જ્યારે સ્ત્રિયોના ધર્મ સાંભળીશ ત્યારે તને તારૂં સુંદર રૂપ મળવાનો ઉપાય સમજવામાં આવશે. ઇત્યાદિ.' હવે આ સમયે તમારા મુખથી સ્ત્રિયોના ધર્મ સાંભળતાંજ મુને જ્ઞાન થયું છે, કે જો કોઈ ગોદાવરીના જલમાં મને

નવરાવે અને ગોદાવરીને કાંઠે મારા નામથી શિવાલય સ્થાપે તો મારાં પ્રથમ સ્વરૂપની મને પ્રાપ્તિ થાય." આવાં વચન સાંભળી પોતાનાં સાસુ-સસરાની આજ્ઞા લઈ, ભોગવતી નાગરાજસહિત ગોદાવરીને કાંઠે જઈ, નાગરાજને ગોદાવરીના જલમાં નવરાવી, ત્યાં નાગેશ્વર એવે નામે શિવનું મંદિર કરાવી તેમાં શિવની પ્રતિમા સ્થાપન કરી કે તરત તે ભયંકર નાગનું રૂપ મટીને ઉત્તમ અને ગુણવાન્ કોઈ દેવ હોય તેવો તે થઈ રહ્યો. ઘણા આનંદથી તેઓ બન્ને પાછાં પોતાના શેહેર તરફ આવે છે એટલામાં તેના નાના ભાઇઓએ કહ્યું કે 'અમારો મોટો ભાઈ તો સર્પ રૂપે હતો. આ તો કોઈ બીજો પુરૂષ લાગેછે; માટે તેને આ નગરમાં આવવા ન દેવો'; એવું બોલી તેને નગરમાં પેસવાની બંધી કરી. આ વાત સાંભળી નાગરાજને ઘણો રોષ થયો

તેથી પોતાની નાગફોજને સંભારી કે તરત તે સેના હાજર થઈ. આ ભયંકર નાગોને અને નાગસેનાના કોપને જોઈ ભોગવતીના મનમાં ઘણી ચિંતા થઈ. તેણે વિચાર્યું કે, આ સમયે મારા પતિનો રોષ કોઈ પ્રકારે શમે એવો નથી. તેમ જો એવો ને એવો રોષ રાખશે તો મારા પુત્રતુલ્ય ચાર દેરોનો નાશ થઇ જશે. માટે આ સમયે જેમ થાય તેમ પરસ્પર મારે તે ભાઇઓમાં સ્નેહ કરાવવો એજ ધર્મ છે. એવું વિચારી પોતાના પ્રાણનાથ પાસે આવી બે હાથ જોડી આપ્રમાણે પ્રાર્થના કરી.

મારા પ્રાણપ્રિય! આપ સર્વજ્ઞ અને સર્વ ગુણસંપન્ન છો, તોપણ મારી અલ્પબુદ્ધિ આપને કાંઇ પ્રાર્થના કરવા આતુર છે; માટે જે કાંઇ હું બે ચાર અક્ષર આપની સેવામાં મેલુંછું તે આપ ધ્યાનમાં લેશો એવી આશા છે.

મારા પ્રિય પ્રાણનાથ! આપનું અજાણ્યું

નથી કે ભાઇઓરૂપ ચિંતામણિઓવગર મોટા રાજાઓ પણ દીન જેવા ગણાય છે, અને જેને સ્નેહમાં લીન ભાઇઓ છે તો તે દીન પુરૂષો પણ પૃથ્વીપતિ જેવા જણાય છે. ભાઇઓની સહાયતાવગર પૃથ્વીપતિ થવાતું નથી એવું ઇંદ્રને ભાઈ કરી કશ્યપના પુત્ર વામનજીએજ સિદ્ધ કરી આપ્યું છે. બાંધવોથી જુદા પડતાં થતો લાભ એ અલાભ ગણવો જોઇએ, અને ભાઇઓની સાથે રહેતાં થતી હાણ પણ લક્ષ્મીની ખાણ છે એમ સમજવું જોઇએ. જે નિર્ધન જન છે પણ બાંધવરૂપ ધનને પોષે છે તેને ધન્ય છે; અને જે લોકો ઘણા ધનવાળા છે તોપણ બાંધવરૂપ ધનને પોષે નહિ તો તે નિર્ધન છે. બંધુ એજ અમૃતનો સાગર છે. અરે જેના આશ્રયથી લક્ષ્મી અને ચિંતામણિ પણ દુર્લભ નથી, તેને મેલીને વિદ્વાનોએ વૃથા બીજે શામાટે રખડવું? ભાઇવિના આપત્તિમાં

બંધુ કોણ થાય? સંપત્તિના હજારો બંધુ કરતાં વિપત્તિનો એક બંધુ પણ દુર્લભ છે. ભાઇઓના સ્નેહને કોઇની ઉપમા દઈ શકાતી નથી; કેમકે તે સ્નેહ પવિત્ર સ્ત્રીમાં કે નિર્મળ મિત્રમાં પણ ક્યાંકજ દેખવામાં આવે છે. માટે જગદ્બંધુ હરિ-હરને હું પ્રાર્થના કરૂં છું કે તે બેય ઈશ્વર તમારા ભાઈઓમાં પરસ્પર સ્નેહ વધારો. જેમ બને તેમ ભાઇઓ સાથે સ્નેહ કરવો એવી મારી પ્રાર્થના છે, પણ તે મારી પ્રાર્થનાને આપ ધ્યાનમાં ન લેતા હો તો, સંગ્રામમાં જય-પરાજયવિષે સંદેહ છે; માટે ત્રણ દિવસ યુદ્ધનું કામ બંધ કરી, મારી સાથે આવેલી મારી સખિઓ જે નાટકના ખેલ કરે તે જોઇને ચોથે દિવસે સુખેથી આપની ઇચ્છાપ્રમાણે આપ કરવા મુખત્યાર છો.

ભોગવતીની આ પ્રાર્થના નાગરાજે માન્ય રાખી. પોતાના ભાઇઓને કેહેવરાવી મુક્યું

કે 'આજથી ચોથે દિવસે મારો યુદ્ધ કરવાનો વિચાર છે; માટે તેની અગાઉ તમે નિર્ભય રહી, આહીં નાટકનો ખેલ જે ભોગવતીની સખિઓ કરશે તે જોવા જરૂર આવવું.' આવાં નાગરાજનાં વચન સાંભળી તે ચાર ભાઇઓ પોતાના મિત્રમંડળસહિત તે ખેલ જોવા આવ્યા. પ્રથમ દિવસે વામનવિજયનાટકનો ખેલ થયો, બીજે દિવસે ધ્રુવચરિત્ર નાટકનો ખેલ થયો અને ત્રિજે દિવસે ભરતચરિત્રનાટકનો ખેલ થયો. તે જોતાં તરત નાગરાજે કહ્યું કે, 'પ્રિયે! ગમે તેમ મારા ભાઇઓ ગણે પણ મારે તો મારા ભાઇઓસાથે યુદ્ધ કરવુંજ નથી. આ નાટકો જોવાથી મુને મારો ધર્મ તેઓપ્રત્યે શો છે? તે સારી રીતે જણાઈ આવ્યોછે.' એમ કહી પોતાના ભાઇઓને બોલાવીને કહ્યું કે 'તમે ખુશીથી આ રાજ્ય ભોગવો. મારો કાંઇજ ભય રાખશો નહિ.' આવાં વચન સાંભળી

નાના ભાઈઓ, જેઓ નાટક જોઇ પોતાનો મોટા ભાઈપ્રત્યેનો શો ધર્મ છે તેને પૂર્ણ રીતિથી જાણી ગયા હતા, તેઓ વિનયથી હાથ જોડી બોલી ઉઠ્યા કે 'આર્યભાઈ! આપની સેવા કરવી એ અમારે મોટું રાજ્ય છે. આજસુધી અજ્ઞાનવડે જે અમારાથી આપનાવિષે અ-યોગ્ય શબ્દો બોલાણા છે, જે અયોગ્ય વિચારો થયાછે, અને જે અયોગ્ય ઉપાયો લેવાણાછે તે સર્વમાટે અમે આપ પાસે ક્ષમા માગિયે છિયે.' એમ કહી હજારો સમ આપી, ઘણા આગ્રહથી પોતાને શેહેર લઈ જઈ, રાજ્યાસ-નઉપર અભિષેક કરાવ્યો. અને પોતાને આ અમુલ્ય જ્ઞાન મળ્યું તેવિષે રાત-દિવસ સૌ-ભાગ્યવતી ભોગવતીનો અપાર ઉપકાર માની, પરસ્પર પરિપૂર્ણ સ્નેહથી અમંદ આનંદમાં મગ્ન થયા.

મારાં વાહલાં બેનો! તમે વિચારો કે પોતાનો ખરો ધર્મ પાળવાથી ભોગવતીએ કેટલાં કેટલાં દુઃખ દૂર કરી સુખ મેળવ્યાં! એ સર્વે તેની પતિભક્તિનો પ્રભાવજ છે. એક ભયંકર સર્પ પતિ મળવા છતાં તેને તે વિષે જરા પણ અભાવ કે અપ્રીતિ ન આવી, તો તેને પરિણામે કેવું સુખ મળ્યું તે તમે જોયું. માટે પોતાનો પતિ ગમે તેવો ક્રોધી હોય, રોગી હોય, કુરૂપ હોય, દીન હોય, દુર્બળ હોય, જડ હોય કે મૂર્ખ હોય તોપણ તેનેજ ઈશ્વર માનવો, તેનીજ સેવા કરવી, અને મન-વચન-કર્મથી તેનુંજ જેમ હિત થાય તેમ કરવું. તેમાંથી સ્ત્રિયોનું કલ્યાણ થાય છે એવું આ ભોગવતીના ભાગ્યોદયથીજ જણાય છે; માટે ભોગવતીનું ઉદાહરણ લઈ જે સ્ત્રિયો પોતાના પતિની પ્રેમથી સેવા કરશે તે પરમ કલ્યાણને પામી આ લોકમાં અનેક સુખ ભોગવી

પરલોકમાં પોતાના પતિની સાથે નિરૂપમ સુખ ભોગવશે.

(ગીતિ.)

પતિવ્રતાવ્રત પાળ્યે, ભોગવતીભાગ્યનો થયો ઉદય;
અભિપ્રાય શુભ એનો સતીજનો સહુ સદા ધરો હૃદય.

इति श्रीपार्वतीपरिणयकथायांभोगवतीभाग्योदयं नाम भाषणम्.

આ પ્રસંગે લખનારની નમ્રતાસાથે એટલીજ પ્રાર્થના છે કે, જ્યારે સાર વગરનો અસાર સંસાર સારરૂપ થઈ શકે છે, જ્યારે સઘળાં દુઃખોનો અંત મનની મદદથી આવી શકે છે, જ્યારે ઈશ્વરનો ઉપકાર માનવાના વખતનો અમલ વહ્યો જાય છે, જ્યારે સંતોષના સરોવરનો આશ્રય લેવો આપણા હાથમાં છે, જ્યારે સંપનાં ફળ ચાખવાને ઇચ્છા રહે છે,

જ્યારે સન્માર્ગે ચાલવું આપણા સ્વાધીનમાં છે, જ્યારે સારૂં તે સારૂં અને નરતું તે નરતુંજ છે એમ સમજવાને પરમ દયાળુ પરમેશ્વરે શક્તિ આપી છે, ત્યારે તે સઘળું આળસમાં કે ગફલતમાં ન જવા દેતાં ઉપયોગમાં લેવું જોઇએ. અને એમ જો ન થયું તો એથી બીજું કયું આશ્ચર્ય અને દુઃખકારક છે? વિચારવું જોઇએ કે આ જગતમાં જન્મ લઇને આપણે શું કામ કરવાનું છે? જ્યાંસુધી આપણે આપણું કામ અને આપણો ધર્મ ન જાણ્યો ત્યાંસુધી ઉંચા કુળમાં ઉત્પન્ન થવું, ભારે ભારે વિદ્યા ભણવી, વ્યવહારમાં કુશળ થવું, અને સારૂં કુળ કે સારૂં રૂપ મેળવવું એ બધું નિષ્ફળ છે. જ્યારે જોઈતું જ્ઞાન આપણે ન મેળવી શકાયું ત્યારે 'ધિઃકાર છે આપણી સમજણને' એમ જાણવું જોઇએ. જ્યારે સાધારણ પશુની હાલતમાં રહી દિવસો ગાળવાને

ઉપાય કરીએ ત્યારે શું જીવિતથી, શું ધનથી, શું ધામથી, શું ગુણથી, અને શું નામથી? એ સઘળું ધૂળપર લીપણબરોબર સમજવાને કાંઈ અડચણ રહે નહીં. પ્રત્યેક વિષયમાં પ્રારબ્ધ ઉપર આધાર રાખવો તે ઠીકજ છે પણ તેવિષે જ્યાંસુધી પ્રયત્ન ન થાય ત્યાંસુધી ધારેલી વાત પાર ન પાડી શકાય તેમાં કોઇનો અપરાધ લેખાય નહીં. કારણ કે આપણે પ્રયાસ કરીએ અને પછી ન બને તો પ્રારબ્ધનો આધાર રાખી શકાય. માટે નિરંતર પોતપોતાના કામમાં સહુએ પ્રયત્ન રાખવું તેમજ પોતાનો ધર્મ પોતાનાજ હાથમાં છે એમ સમજી તેનું પાળણ-પોષણ સારીપેઠે કરવું ઘટે છે. 'ધર્મ'એ શું વસ્તુ છે અને એનાથી શા શા લાભ છે? એ જ્યાંસુધી માણસના જાણવામાં ન હોય ત્યાંસુધી તેનાં તત્વની કેમ ખબર પડે? પરંતુ તેની જ્યારે બરોબર સમજણ પડે ત્યારે

તેનો અપૂર્વ રસ અંતરને આનંદ અને પુણ્યથી અત્યંત તૃપ્ત કરે.

માતાપિતાને પેટે અવતાર લીધા પછી આપણો શો ધર્મ છે, આપણું શું કર્ત્તવ્ય છે, અને ઉત્તમ સુખો કેમ મળી શકે? એ જ્યાંસુધી કોઇના જાણવામાં ન આવ્યું ત્યાંસુધી આ ઉત્તમ કેહેવાતો દેહ કશા કામનો ગણાઈ શકાતો નથી. સારાં કામો કરવાને સઘળાંએ એટલી ઉતાવળ રાખવી જોઇએ કે કાલે જે કરવાનું હોય તે આજેજ કરવાનો આરંભ કરવો; કારણ કે હવે પછી કેવો વખત આવશે અને એક પલ પછી શું બનવાનું છે? એ કદી કોઇપણ મનુષ્યપ્રાણી જાણી શકતું નથી; એવીજ જગતની ઘટના છે. પોતાનાં પુણ્ય-પાપ અને સુખ-દુઃખની દોરી પોતાનાજ હાથમાં દયાળુ પરમેશ્વરે આપી છે, તે કોઈ બરોબર ન સાચવી શકે તો કોઇની ઉપર

ઠપકો આપવાનું ન રેહેવાથી છેવટ કર્મ ઉપર ભાર મૂકી મન વાળવું પડે છે. આંખો વિચીને ચાલવાથી માણસ કદી અવળે માર્ગે ચઢી જાય તો તેનો આરોપ વિચારવગર બીજા ઉપર મૂકવા ઇચ્છે છે, પણ તેમ છતાં પણ વિવેકને હૃદયમાં રાખે તો સઘળું ખરૂં હોય તે સહેજવારમાં દીવા જેવું જણાઈ આવ્યા વિના રહે નહીં. માટે કુળવાન કન્યાઓને એવુંજ આદરવું જોઇએ કે જેથી બંને કુળને ઉદ્ધાર કરનારૂં યશરૂપ શરીર અમર થાય અને બંને લોકનું અનહદ આનંદ આપનારૂં સુખ ભોગવાય.

ભાષાંતરકર્ત્તા.

ગરબીઓ.

(ઓધવજીના મહિનાનો રાગ.)

સહિયર સાચી શિક્ષા મનમાં રાખજો,
ભારે ભવસાગર તરવાને કાજ જો;
લેવા લાભ અનેક ખરા સંસારના,
કહું છું હિત કરવાને એક અવાજ જો.–સહિ૰
બાળપણાંમાં ભણવું ગણવું ભાવથી,
માતપિતાને ઉપજાવી સંતોષ જો;
ઘરનું કામ કરે કરવા શીખો સહુ,
બાળપણાંના મેલી સઘળા દોષ જો.– સહિ૰
આજ્ઞા માતપિતાની નહિ ઉલ્લંઘવી,
ભરવું દળવું ને ચીતરવું કેમ જો;
પાણી ભરવું સોવું ધોવું ખાંડવું,
રૂડું રાંધીને પીરસવું તેમ જો.– સહિ૰
નિત્ય નિયમથી થોડું પ્રિયકર બોલવું,
ઊંઘ અલ્પ ને કરવો અલ્પાહાર જો;

ભરમવિના નિજ ધર્મ અને શુભ કર્મને,
શીખી લેવા તરત રહો તૈયાર જો.— સહિ૦

કોમળ હોય તરૂ વાળ્યું ત્યારે વળે,
એજ ઉદાહરણેથી સમજો સાર જો;
કઠણ થયેથી કઠણ પડે છે વાળવું,
પાકે કુંભે કાંઠા ચડતાં વાર જો.— સહિ૦

સ્વભાવને વશ આ આખો સંસાર છે,
પડે પ્રથમથી જેવી જેની ટેવ જો;
તેવી ટળતાં યત્ન ઘણાં કરવાં પડે,
સરલ થાય જો સવળો જગનો દેવ જો.—સહિ૦

એજ વિનંતિ મારી છે સહુ બેનને,
બાળપણાંમાં શીખો તે શીખાય જો;
જે દુર્ગુણ તજવા તે સહજ તજાય છે,
માતપિતાની જો'યે એક સહાય જો.— સહિ૦

પરણી પિયર ન રે'વા મન કરવું કદિ,
સદા કરો નિજ સાસરિયાંમાં વાસ જો;

સાસુ ને સસરાની આજ્ઞામાં રહો,
દુ:ખ હોય પણ ન રહો હૃદય ઉદાસ જો.-સહિ૦
પિયર રહીને જે સારૂં શીખ્યાં હશો,
તરત સાસરે તેનો છે ઉપયોગ જો;
બાકી શીખ્યાનું અનુભવ લઈ શીખજો,
સુખ મળવાનો એ છે ઉત્તમ યોગ જો.-સહિ૦
પ્રાણનાથને મનગમતું કરજો સહુ,
નારીનું છે દૈવત નિજનો નાથ જો;
તે શીખામણ દે તે શાણાં શીખજો,
આજ્ઞા શિરપર લેજો જોડી હાથ જો.– સહિ૦
નારીના સાચા ઈશ્વર તો નાથ છે,
વેદ-પુરાણો પણ પૂરે છે શાખ જો;
એ ઇશ્વિરની સેવા શુભ રીતે કરો,
એના વગર અવર છે કોરી રાખજો.–સહિ૦
શાંત સ્વભાવવિષે રે'વું સહુએ સદા,
સંતાષે સુખ થાય સમજવું એમ જો;
દુ:ખ અને સુખમાં સમતાને રાખવી,

લેવો ઉત્તમ એવો અબળા નેમ જો.—સહિ૦
અલંકાર સૌભાગ્યવિના બીજો નથી,
તે સાચવવા કરજો યત્ન અનેક જો;
સદ્ગુણથી શોભા સંસારવિષે વધે,
તે સંપાદન કરવા રાખો ટેક જો.— સહિ૦
શીખામણ અણસમજુને દેવી પડે,
પણ સાને સમજે જે સમજુ નાર જો;
કેશવ થોડામાં સઘળું સમજી જજો,
ડાહ્યાને શું કે'વું વારંવાર જો.— સહિ૦

(તમેરે નંદજી ગોકુળ સંચરશોરે, એ દેશી.)*
અબળા અરજ ઉરે ધરજો તમે રે;
રે'જો કંથતણાં થઈ દાસ જો;
પિયરપનોતાં નહિ થાવું કદી રે,
જો હોય અગણિત સુખની આશ જો.-અ૦ ૧

---

* ડુંગર દૂરથકી રળિયામણા રે, એનો ઢાળ પણ લાગુ પડે છે,

સોમે શાંત સ્વભાવ કરી રહી રે,
તજિ તનમનના તરૂણી તાપ જો;
દેહે દુર્ગુણ મેલ બધો હરી રે,
લેજો સુખસંપત સહુ આપ જો.— અ૦ ૨
સોમે ભાવધરી પતિપદ ભજો રે,
એથી અનુપમ મળશે સુખ જો;
લેશો લાભ અનેક સદાયના રે,
જાશે સહુનાં સઘળાં દુઃખ જો.— અ૦૩
બુદ્ધે બાળપણું તજિએ બધું રે,
થઇએ પીઢ પરમ ગુણવાન જો;
કારણ ટેવ પડી ટળતી નથી રે,
બારે બુદ્ધિ સોળમે સાન જો.— અ૦૪
ગુરૂએ ગુરૂજનની સેવા કરો રે,
હરવા ભવસાગરની ભીડ જો;
અનુભવ હૃદયવિષે કરિએ બધો રે,
જોઈ નજર વડે પરપીડ જો.— અ૦ ૫
કવિએ કાર્ય કરો ઉત્તમ તમે રે,

જેથી યશ જગમાંહિ ગવાય જો;
કરિએ પ્રાણપતિને જે ગમે રે,
એ પતિમાં સુખ સર્વ સમાય જો.—અ૦૬
મંદે મંદમતિ નહીં રાખિએ રે,
સંપે રહિએ સહુની સાથ જો;
મિથ્યા ક્લેશ કશો કરિયે નહીં રે,
તેથી કોપે શ્રીજગનાથ જો.— અ૦૭
રવિએ રે'વું મર્યાદાવિષે રે,
ચાલી સદાચારને પંથ જો;
દેહે મન-વચને ને વાણિએ રે,
રાજી કરિએ નિજનો કંથ જો.— અ૦૮
પ્રમદાજાતિતણી પ્રેમે કરી રે,
તજિએ ટેવ સદા દુખદેણ જો;
કેશવ સદાચરણમાં ચાલતાં રે,
કે'વા દેશો નહિ કંઈ કે'ણ જો.— અ૦૯

(નારાયણ નામ લેતું પ્રાણી રે, એ ઢાળ)

સદાચાર પાળવો બહુ સારો રે,
એજ ધર્મ ખરો છે તમારો;—સદાચાર.

ધન વિદ્યા તણો મદ તજવો રે,
સુખકારક મારગ સજવો રે;
પીડા પરને કરી નહિ પજવો;— સદાચાર૦

સત્ય બોલવું ચાલવું ચોંપે રે,
જેથી જગત-પતિ નહીં કોપે રે;
એથી આપણનું કુળ ઓપે;— સદાચાર૦

શુદ્ધ ચિત્ત કરી નિત્ય રે'વું રે,
સ્મૃતિશાસ્ત્ર બતાવે એવું રે;
અન્ય વાતમાં ચિત્ત ન દેવું;— સદાચાર૦

આશા-તૃષ્ણા તજી કોઈ દેછે રે,
શાંત થઇને સદા સુખ લેછે રે;
શુદ્ધ આનંદનું રૂપ તે છે;— સદાચાર૦

પાળવો નિત્યનો નિજ ધર્મ રે,

જાતે અંતર જાણીને મર્મ રે;
કરિયે યશકારક શું કર્મ;— સદાચાર૦
કામ ક્રોધ સદા પરહરવા રે,
લોભ મોહ વળી વશ કરવા રે;
મદ મત્સર દેવા ન ઠરવા;— સદાચાર૦
અભિમાન ન કરિયે લેશ રે,
કદી કરિયે નહીં લેશ ક્લેશ રે;
વદવું નહીં વાક્ય વિશેષ;— સદાચાર૦
પરનિંદા સદા પરહરવી રે,
દયા દીન જનોપર કરવી રે;
નહીં નીતિની વાત વીસરવી;— સદાચાર૦
નિત્ય તનમન નિર્મળ કરજો રે,
શીલચિંતામણી સંઘરજો રે;
દુષ્ટ દુર્ગુણ દૈત્યથી ડરજો;— સદાચાર૦
ધર્મવા'ણવિના સંસારે રે,
અન્ય આવી નહીં કોઈ તારે રે;
એમ જાણવું ખચિત તમારે;— સદાચાર૦

નિત્ય નિર્મળ ચિત્ત કરીને રે,
નિજ ધર્મને ધામ ઠરીને રે;
પામવું શુદ્ધ એક હરિને;— સદાચાર૦
જ્યારે ઉત્તમ જન્મ મળ્યોછે રે,
પુણ્યનો પુંજ તો ઉખળ્યોછે રે;
દેવ ઇચ્છાથી દિવસ વળ્યોછે;— સદાચાર૦
હાથ આવેલ હીરો ન હારો રે,
ચિત્તે કંઇક ચતુર વિચારો રે;
શાણાં સફળ કરો જન્મવારો;— સદાચાર૦
સેવા નારીએ નાથની કરવી રે,
અન્યવાત બધી પરહરવી રે;
તેમ પ્રીતિ સંપાદન કરવી;— સદાચાર૦
અન્યોઅન્ય હળીમળી રેવું'રે,
બીજા આશ્રમનું સુખ લેવું રે;
થાય નિંદા તેવું તજી દેવું;— સદાચાર૦
ભાવે ઇશ્વરનું પદ ભજવું રે,

કામ બંધનકારક તજવું રે;
સુખકારક સાધન સજવું;— સદાચાર૦

આ ચોપડી મુંબઈમાં આર્યધર્મપ્રકાશ, ચોપાનિયાંની
ઓફીસેથી, મળશે.